RNI No. GUJGUJ/2011/44815



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

વર્ષ : 7
ફેબ્રુઆરી - 2018
કિંમત - રૂ.10/-

વસંત આવી છે, ફૂલના રસથી પ્યાલા ભરીએ,
ભળી જઈને આપણામાં, આવ જરા મન હળવું કરીએ.
છે વાયરા આ વસંતના તો, પ્રેમના રસથી પ્યાલા ભરીએ;
ભેટી જઇને આપણાને, આવો જીવનને પાવન કરીએ.





# સંબંધ, સારપ અને સમાજ

વ્હાલા સૌ જ્ઞાતિજનો

જય જલારામ...   જય રઘુવંશ...   જય મહાપરિષદ...

આપણે ત્યાં એક કહેવત છે કે Man is a social animal. માણસ સામાજીક પ્રાણી છે. તેથી મનુષ્ય ઇચ્છે કે ન ઇચ્છે તો પણ એની આસપાસ સંબંધોની એક સૃષ્ટિ એના જન્મ સાથે જ રચાય છે. આ સૃષ્ટિનો પ્રારંભ માતા-પિતાથી થાય છે. લોહીના કેટલાક સંબંધો પણ આપમેળે બંધાય છે. માણસ તો અંતે સામાજીક પ્રાણી છે, એની આસપાસ સંબંધોના અનેક વર્તુળો રચાય છે અને વિસ્તરતા રહે છે. આ બધા સંબંધો ગતિશીલ છે. એ બંધાય પણ છે અને બદલાય પણ છે.

સંબંધના સરોવરમાં કમળ હોય છે અને વમળ પણ હોય છે. દરેક સંબંધો કાયમી નથી હોતા. બધા સંબંધો અંતે તો ઋણના સંબંધો હોય છે. ઉત્તમ સંબંધોનો અર્થ બંધન નહીં પણ મુક્તિ હોય છે. દરેક સંબંધોનું એક સ્વત્વ હોય છે અને વ્યક્તિત્વ હોય છે. સંબંધો મનુષ્યનું અંગત અને સામાજીક સ્વરૂપ છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના માધ્યમથી જોડાયેલા આપણે સૌ કોઈના કોઈ ઋણાનુબંધથી સંબંધાયા છીએ. આપણા પૂરોગામી સૌ પ્રમુખશ્રીઓએ, જ્ઞાતિશ્રેષ્ઠીઓએ રઘુવંશી સમાજ એકબીજાના નજીકના સંબંધોમાં બંધાય અને એ રીતે સમાજ પ્રગતિ અને વિકાસ કરે તે માટે સતત અને સઘન પ્રયત્નો અને પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. પરિણામ સ્વરૂપે સંબંધોના આ સરોવરમાં ઘણા કમળો ખીલ્યા, પણ ક્યારેક આ સરોવરમાં વમળો પણ ઉઠતા હોય છે. વમળોનું કારણ એ છે કે આપણે આખી દુનિયાને અને તમામ સંબંધોને ગણતરીના ગઠબંધનથી બાંધી દીધા છે. ગણતરી ન કરવી એનો અર્થ એવો નથી કે કોઈ પણ સંબંધોમાં ક્યાંય પણ વિચાર કર્યા વિના પ્રવૃત્તિ કરવી; વિચાર કરવો અને ગણતરી કરવી આ બે વચ્ચે આભ જમીનનું અંતર છે. ગણતરી કરવી અને પછી જ કામ કરવું એનો અર્થ પોતાના લાભ માટેની વૃત્તિ રાખવી. વિચાર કરવો એમાં પોતાના લાભની ગણતરી નથી હોતી એવું નથી પણ આવી ગણતરી સાવ નજીવી માત્રામાં હોય છે અને મોટે ભાગે સ્વ ઉપરાંત અન્યોને પણ લક્ષમાં રાખીને જ આયોજન થાય છે એને વિચાર કહેવામાં આવે છે. મહાપરિષદમાં જોડાયેલા આપણે સૌ ગણતરી નહિ પણ વિચાર અને એ પણ ઉમદા વિચાર સાથે જોડાયેલા છે તેનું આપણને ગૌરવ હોવું જોઈએ અને આ શક્ય અને પ્રવૃત્ત ત્યારે જ બને જ્યારે એના મુળમાં અને ઉછેરમાં તેમજ વિકાસમાં સારપના પરિબળોનો સર્વથા અને સર્વદા ફાળો હોય.

જો આપણે આપણા સમાજમાં સંબંધોને વધુ સ્વસ્થ અને સુદૃઢ બનાવવા હોય તો આપણા જીવતરનું, ભણતરનું, ગણતરનું અને આપણા ખરેખરા રળતર - મળતરનું લક્ષ્ય હોવું જોઈએ સારપ. સારું કરવું અને સારું થવું એ છે સારપ. આ માટે ગાંધીજીના ત્રણ વાનરોમાંથી આપણે પ્રેરણા મેળવી શકીએ. બુરું જોવું નહીં, સાંભળવું નહીં ને બોલવું પણ નહીં. કેમ કે બુરાઈમાં બરબાદી છે, ભલાઈમાં આબાદી છે. સાચથી બધા જ સંબંધો સચવાય છે. સંબંધને સાચવે તે સાચપ, સંસ્કારે તે સારપ.

આપણા આ સંબંધો વધુ સ્વસ્થ અને સુદૃઢ બનાવવા આપણને અખંડિત રાખનારા સદ્‌ગુણ અને સારપને સમાજમાં મોકળાશથી કામ કરવા દઈએ. આપણે આપણને ખંડિત કરનારા બૂરાઈના વિકારબળોથી બચીએ. આપણો હેતુ અને ધ્યેય ફૂલનો છે, કાંટાનો નહીં. આપણે તો આપણી અને સૌની પ્રસન્નતા માટે ખીલવાનું છે. અંદર બહાર બધે સુવાસ ફેલાવવાની છે. અત્યારે ખીલેલી આ વસંતઋતુમાં આપણે પણ ફૂલની રીતે રહીશું તો વસંતનેય ઉત્સવ ઊજવવાનું ગમશે !

સૌને વસંતોત્સવની શુભેચ્છાઓ...

પ્રવિણ કોટક
પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : 7
ફેબ્રુઆરી - 2018
અંક : 73
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. ઠક્કર
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
હીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ફ્રેશવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૬૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 232

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી .......... ૨
તંત્રી સ્થાનેથી .......... ૪
રાજકીય દખલગીરીથી પણ આપણને આઝાદી મળવાની જરૂર છે .......... ૬
મહિલા વિભાગ .......... ૭
વિભાગીય સમાચાર .......... ૮
સ્થાયી સમિતિઓના અહેવાલ .......... ૧૧
શાબાશ રઘુવંશી .......... ૧૯
સંસ્થા સમાચાર .......... ૨૦
થેલેસિમિયા નાબૂદી અભિયાન .......... ૨૩

## ઋણ સ્વીકાર





લગ્નની મોસમમાં આપણા અનેક રઘુવંશી પરિવારો એકબીજાથી જોડાયા છે. લગ્નગ્રંથિથી જોડાયેલા આ તમામ રઘુવંશી યુગલોને તેમનું લગ્નજીવન અન્ય માટે પ્રેરણારૂપ અને રઘુવંશને દિપાવનારું બની રહે તેવી લક્ષ્મીનારાયણ દેવના ચરણોમાં મંગલપ્રાર્થના. અનેક શુભેચ્છક પરિવારોની આમંત્રણ પત્રિકા માતૃસંસ્થાના કાર્યાલય પર પ્રાપ્ત થઈ છે. પરિવારના શુભ પ્રસંગોએ માતૃસંસ્થાને યાદ કરવા બદલ શ્રી લોહાણા મહાપરિષદની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને જ્યાં જ્યાં રૂબરૂ પ્રતિનિધિત્વ નથી કરી શકાયું તે બદલ ક્ષમાયાચના.

હિમાંશુ બી. ઠક્કર | પ્રવિણ ટી. કોટક | યોગેશ એસ. લાખાણી
પિયુષ જી. ગંઠા | ઉમંગ એચ. ઠક્કર | પરેશ પી.ભૂપતાણી

ટ્રસ્ટીમંડળ તથા સર્વે હોદ્દેદારો



# વસંતોત્સવ ખૂલીને ખીલી જવાનો ઉત્સવ

આપણે ત્યાં આમ તો શિયાળો, ઉનાળો અને ચોમાસું એમ વર્ષની ત્રણ ઋતુ ગણાય છે. પણ હકીકતમાં તો આ ત્રણ અયન છે. એક અયનની બે ઋતુ ગણાય અને ત્રણ અયનની છ ઋતુઓ. જેમાં વસંત, ગ્રિષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર છે. પરંતુ ઋતુની શરૂઆત તો 'વસંત' થી જ થાય છે અને મહા સુદ પંચમીની તિથિ વસંતપંચમી ગણાય છે. પૂરા ત્રણ માસ વાસંતી વાયરા હિલોળે ચઢે અને તેમાંથી જાણે સૂર નિકળતા હોય તેમ તેને 'સૂરપંચમી' તરીકે પણ ઓળખાય છે, કેમ કે બ્રહ્માજીની પુત્રી, જ્ઞાન અને સમજણનાં અધિષ્ઠા દેવી સરસ્વતી માતાનું પ્રાગટ્ય વસંતપંચમીના દિવસે થયું હોવાનું ગણાય છે. મોર તેમનું વાહન છે, સૌંદર્યનું પ્રતીક છે. શિક્ષણ સંસ્થાઓમાં આ દિવસે 'જ્ઞાનોત્સવ' મનાવાય છે.

પોતાના નાટક 'ઋતુસંહારમ્'માં કવિ કાલિદાસે વસંતનું વર્ણન કરતાં કહ્યું છે કે આ ઋતુમાં બધું જ ખૂબ જ સુંદર લાગે છે. વસંતના વર્ણનમાં કાલિદાસની બરોબરી તો કોઈ જ કરી શકે નહીં. સમગ્ર જનજીવન, વનસ્પતિ અને ઋતુનાં વર્ણનને એક જ શ્લોકમાં આ રીતે કાલિદાસ જ કહી શકે :

દ્રુમાઃ સપુષ્પાઃ સલિલં સપદ્મં સ્ત્રિયઃ સકામાઃ પવનઃ સુગન્ધિઃ
સુખાઃ પ્રદોષા દિવાસશ્ચ રમ્યાઃ સર્વં પ્રિયે ચારુતં વસન્તે.

હે પ્રિયે ! આ વસંત ઋતુમાં તમામ વૃક્ષો પુષ્પોથી આચ્છાદિત છે. પાણીમાં કમળ ખીલ્યા છે, સ્ત્રીઓ કામ પીડિત બની ગઈ છે, વાયુ સુગંધથી લથબથ છે, સંધ્યાનો સમય ખૂબ જ રમણીય લાગે છે અને દિવસો પણ સુંદર મજાના લાગે છે. ખરેખર આ ઋતુમાં તમામ ખૂબ જ સુંદર લાગે છે. ગુજરાતી ગઝલના ગુલઝારમાં પણ અનેક શાયરોએ વસંત બહારને બિરદાવી છે, વર્ણવી છે અને અનુભવી છે. ફૂલની આ મોસમની વાત કરીએ તો ચંન્દ્રકાન્ત દત્તાણીની ગઝલનો એ શેર યાદ આવે :

"દશે દિશામાં ફૂલના આલોક છે ઝળાંહળાં,
ધુવાધાર ફૂલના રુઆબ છે, સુબ્હાનલ્લા !"

આહ્‌લાદક, ઉત્સાહવર્ધક, આરોગ્યવર્ધક, આધ્યાત્મિકતાની દિવાદાંડી વસંતનો 'વ' એટલે વરિષ્ઠ, વિશિષ્ઠ અને વિશેષ. કદાચ તેથી જ તો ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં કહ્યું છે "ઋતુઓમાં વસંત હું છું." સર્વને પ્રિય અને પ્રેમ એવી વસંત કૃષ્ણ જેવા સર્વ ઠેકાણે મોહિતાવાળા વ્યક્તિમાં પણ આસન જમાવીને બેઠી છે. કૃષ્ણ રાગ અને ત્યાગધર્મી બન્ને છે અને કદાચ વસંત પણ રાગથી આગળ વસંત રહીને જ ત્યાગના રૂપ પરત્વે સંકેત કરે છે. અહીં દુઃખ, દર્દ, વેદના અને પાનખરની શુષ્કતા છે પણ સાથે વસંત પોતે પણ છે. વસંત આવતા વેદનાનો તો મર્મ સમજાય છે પણ ઋતુસંહારનો કવિ કહે છે તેમ દરેક વસ્તુ પ્રિય લાગવા માંડે છે, એથી વસંત પછી ઉનાળો હોય કે ઋતુચક્રમાં ફરી એકવાર પાનખરનો પ્રવેશ હોય, પેલી પ્રિયતા તો આગળ જ રહે છે. જીવન

વસંતમય બનતા બાકીનાં દુઃખ, દર્દો, વેદના ગૌણ બની જાય છે.

વસંત સમત્વના પ્રતિકસમ છે. દરેક પરિસ્થિતિમાં સમવૃત્તિ કેળવીએ તો જીવનમાં સદાય વસંત છે. આ ઋતુ જીવ અને ઈશ્વરના મિલનની ગણાય છે. કહેવાય છે કે ઈચ્છા મૃત્યુના વરદાનવાળા મહાત્મા ભિષ્મ પિતામહે આ દિવસે એમના પ્રાણપુષ્પો શ્રી હરીના ચરણોમાં સમર્પિત કર્યા હતા. વસંત પ્રકૃતિનો મહાપ્રસાદ છે તો આત્માનો રાગ પણ છે. વસંત તો પેલી ટેકરીઓ પરનાં વૃક્ષો, તેની ડાળીઓ ઉપરનાં પંખીઓના કંઠમાં છે. વસંત પુષ્પો અને તેની આસપાસ મંડરાતા મધુકરોમાં છે. વસંત જીર્ણવૃક્ષની આસપાસ પ્રકટ થવા આંટા મારી રહી છે. અને દક્ષિણના પવનની પીઠ ઉપર સવાર થઈને મતવાલી થઈને ડોલે છે વસંત.

મિત્રો, વસંત અશરીરી થઈ ધરતીના કણકણમાં વ્યાપ્ત છે પણ જ્યાં સુધી મનુષ્યનું મન વસંત સુધી પહોંચતું નથી ત્યાં સુધી વસંતનું પૂર્ણરૂપ સમજાતું નથી. જે ક્ષણે તે સમજાશે તે ક્ષણે વસંતનો અર્થ બદલાતો લાગશે. તે ક્ષણે વસંત એક ઋતુ મટીને લાગણી પ્રદેશ આત્મકોષનું એક સુવર્ણમંડિત પૃષ્ઠ થઈ જાય છે અને સૌંદર્ય બોધ શરૂ થાય છે. પછી સર્જનનો મહિમા સમજાવા લાગે છે. પછી કર્મનાં કર્મ ઉઘડવા લાગે છે. વિરતીથી રતિનું એક વિશ્વ છે, તેની જાણ થવા લાગે છે. આપણે ભીતર - બહાર એક નૃત્ય બની જઈએ છીએ. આપણે અને વસંત એમ નહીં, આપણે ખુદ - બદ - ખુદ વસંત. આપણું ભીતર પણ માલકૌંસ લલકારતું હોય છે. વસંત એમ ખીલવાનું, ગતિનું, ઉત્સાહનું, ચેતનાનું ઉત્સવનું એક બળવાન પ્રતીક બની જાય છે. પેલા મધુકરની સાથે મનનો મધુકર એક રૂપ થઈને આલાપ છેડે છે, ત્યારે ફૂલો વૃક્ષો સર્વે કાન દઈને એ આલાપ સાંભળે છે. જીવન વસંતમય બનતા બધી જ હતાશાઓ, નિરાશાઓ, દુઃખને દર્દો સામાન્ય બની જાય છે. આમ, વસંત જીવન માટેની એક બુનિયાદી શાળા છે. જે પાનખરે ખરી જવાનું, અહમ્‌ને ઓગાળવાનું શીખવે છે.

આવી આ વસંતઋતુમાં - વસંતોત્સવમાં (૧) જ્ઞાનોત્સવ, રંગોત્સવ ને આનંદોત્સવ (૨) પ્રેમપૂજા, પરમાર્થ અને (૩) પ્રકૃતિ - પામરજીવ - પરમાત્માનો ત્રિવેણી સંગમ રચાતો હોય છે ત્યારે આ વસંત આપણું સ્વપ્ન અને લક્ષ્ય બંને હોય તો વસંતનો તો સત્કાર જ હોય. વસંત આપણને ખૂલીને ખીલી જવાનું, સદ્‌ગુણોને સેવાની સુવાસ પ્રસાવી દેવાનું, ગાઈ ઉઠવાનું, ગુંજી ઉઠવાનું ઇજન (આમંત્રણ) આપી રહી છે. આ વસંતને સૌને ખુશ રાખવામાં, આનંદ ઉલ્લાસમાં રસ છે. આપણને વસંતમય બનાવી દેવાની તેની ચાલ છે. તે આપણી પ્રતિક્ષા કરી રહી છે, તો ચાલો આપણે વસંતમય બની જઈએ !!!

- પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના




## હુંફાળા પાણીથી થતા ફાયદા

જાપાનીઝ ડોક્ટરના એક જૂથે એ વાતની પુષ્ટિ આપી હતી કે કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓ ઉકેલવા માટે ગરમ પાણી ૧૦૦% અસરકારક છે જેમ કે (૧) માઈગ્રેન (૨) હાઈ બ્લડ પ્રેશર (૩) લો બલડ પ્રેશર (૪) સાંધાના દુખાવા (૫) અચાનક હાર્ટબીટ વધવા અને ઘટવા (૬) વાઈ (૭) કોલસ્ટ્રોલનું લેવલ વધવું (૮) કફ (૯) શારીરિક નબળાઈ (૧૦) ગોલુનો દુખાવો (૧૧) અસ્થમા (૧૨) જોરથી ખાંસવુ (૧૩) નસોમાં અવરોધ (૧૪) ગર્ભાશય અને પેશાબ સંબંધિત રોગો (૧૫) પેટના પ્રોબ્લેમ (૧૬) ભૂખ ઓછી લાગવી (૧૭) આંખ, કાન અને ગળા સાથે સંકળાયેલા તમામ રોગો.

## હુંફાળા પાણીનો ઉપયોગ કેવી રીતે કરશો ?

સવારે વહેલા ઉઠી નરણા કોઠે (ખાલી પેટે) ઓછામાં ઓછા ૪ ગ્લાસ હુંફાળું પાણી પીઓ. જો તમે શરૂઆતમાં ૪ ગ્લાસ પાણીનો પ્રયોગ ન કરી શકો તો દિવસે દિવસે વધારતા જાઓ. પછી રેગ્યુલર ૪ ગ્લાસ હુંફાળું પાણી પીવાનો આગ્રહ રાખો અને પ્રયોગ ચાલુ રાખો.

આ પ્રયોગ દરમિયાન ૪ ગ્લાસ પાણી પીધા પછી ૪૫ મિનિટ સુધી કાંઈ પણ ખાવા-પીવાનું ટાળો.

૪ ગ્લાસ હુંફાળું પાણી પીવાથી નીચે મુજબના દર્દમાં કેટલા દિવસમાં ફાયદો જણાશે તે જુઓ.

ડાયાબિટીસ ૩૦ દિવસ, પેટના પ્રોબ્લેમ ૧૦ દિવસ, દરેક પ્રકારના કેન્સર ૯ મહિના, નળીઓનું બ્લોકેજ ૬ મહિના, ભૂખ ઓછી લાગવી ૧૦ દિવસ, ગર્ભાશય અને પેશાબ સંબંધિત રોગો ૧૦ દિવસ, આંખ, કાન અને ગળા સાથે સંકળાયેલા રોગો ૧૦ દિવસ, સ્ત્રી રોગ ૧૫ દિવસ, હૃદયરોગ ૩૦ દિવસ, માઈગ્રેન અને માથાના દુખાવા ૩ દિવસ, કોલસ્ટ્રોલ ૪ મહિના, સતત વાઈ અને લકવાનો હુમલો ૯ મહિના, અસ્થમા ૪ મહિનામાં ઘણો ફેરફાર જણાશે.

## ઠંડુ પાણી પીવાથી થતા ગેરફાયદા



ઠંડુ પાણી પીવાથી ૪ નળી બ્લોક થાય છે અને હાર્ટ એટેકના ચાન્સ વધી જાય છે. કોલ્ડડ્રીંક હાર્ટએટેકનું મુખ્ય કારણ છે. ઠંડુ પાણી પીવાથી લીવરને લગતી બીમારીઓ પણ આવી શકે છે.ઠંડુ પાણી લીવરના અવરોધ ઊભો કરે છે. લીવર ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહેલા મોટા ભાગના લોકો ઠંડા પાણી પીવાના પીડિત છે. ઠંડુ પાણી પેટની આંતરિક દિવાલ પર અસર કરે છે અને તે મોટા આંતરડા પર પણ અસર કરે છે જે કેન્સરમાં પરિણમે છે.

# રાજકીય દખલગીરીથી પણ આપણને આઝાદી મળવાની જરૂર છે



આપણો ભારત દેશ એ બિનસાંપ્રદાયિક અને કૃષિપ્રધાન દેશ છે. આપણાં દેશના વીર સપૂતોએ આપેલા મોંઘેરા બલિદાનોને લીધે આપણે સહુ આજે સુખેથી - શાંતિથી રહી શકીએ છીએ. આઝાદી મળ્યા પછી આપણે ઘણું આગળ વધ્યા છીએ પણ આપણી વહીવટી બાબતોમાં થતી રાજકીય દખલગીરીથી આપણો ધાર્યો વિકાસ થઈ શકતો નથી. બંધારણના નિયમ મુજબ આજે આપણા દેશ તથા રાજ્યોની ઘણી મહત્ત્વની જગ્યાઓ ઉપર લોકોના પ્રતિનિધિ વતી રાજકીય લોકોને સ્થાન આપવામાં આવતું હોય છે અને આ રીતે સ્થાન મેળવેલા મોટાભાગના આગેવાનો લોકોનું કામ ઓછું અને પોતાનું કામ વધારે કરતા હોય છે અને આ લોકોને સરકારી કામગીરીમાં પણ કાંઈ ખબર પડતી હોતી નથી અને પોતાની ઓફિસ ઉપર લોકોને આ સાહેબો મળતા પણ નથી હોતા લોકોના જરૂરી કામો કરવામાં નાટક કરતા આ આગેવાનો પોતે પણ કામ કરતા નથી અને બીજાને પણ કરવા દેતા નથી હોતા વહીવટી કાર્યોમાં પોતાનું હિત સચવાય, તેનો સ્વાર્થ પૂરો થાય, તેનો અહંમ સંતોષાય તો જ લોકોના કામો થાય નહીંતર ગમે તેવા સાચા અને સારા કામોને કોઈ પણ બહાના હેઠળ ટલ્લે ચડાવી દેવામાં આવતા હોય છે.

આજે આપણા દેશના સંચાલનમાં રાજકીય લોકોની ઘણી મહત્ત્વની ભૂમિકા હોય છે. રાજકારણમાં આજે સ્વચ્છ લોકો ઘણા ઓછા જોવા મળે છે. રાજકારણમાં આગળ વધવા ખોટા સાચા કામો થતા હોય છે અને આપણે જોઈએ પણ છીએ કે રાજકીય લોકોને કોઈ નીતિ નિયમો નડતા નથી. આજ વિચારધારાથી પ્રેરાઈને અસામાજિક તત્ત્વો રાજકારણમાં જોડાય છે. જેને લીધે આપણા દેશનો ધાર્યો વિકાસ થઈ શકતો નથી. આપણા દેશ - રાજ્ય કે સંસ્થાના સંચાલનોમાં રાજકીય આગેવાનોની હકીકતમાં કોઈ ભૂમિકા હોતી નથી અને તેની કોઈ જરૂર પણ નથી હોતી. આ બધી વ્યવસ્થાનું સુંદર સંચાલન આપણી વહીવટી પાંખ દ્વારા થતું હોય છે જો કે ઘણીવાર વહીવટી વડાઓ પણ પોતાની સલામતી અને લાભને ખાતર પોતાની આંખો બંધ કરી લેતા હોય છે અને વહીવટી પાંખની પોસ્ટીંગ રાજકીય આગેવાનોની અનુકૂળતા મુજબ થતી હોય છે અને આગેવાનો પાછલા બારણેથી પોતાની ઈચ્છા મુજબનું શાસન ચલાવતા હોય છે. આ ઉપરાંત રાજકીય કામકાજો - વીઆઈપી સરભરા જેવા કામકાજો પાછળ આપણા વહિવટી અને કુશળ લોકો રોકાયેલા જોવા મળે છે. જેને લીધે પણ લોકોના ઘણા મહત્ત્વના કામો થતા નથી હોતા જો આપણે અને આપણા અધિકારીઓએ આવા રાજકીય આગેવાનોને કાયમી અનુકૂળતા થઈને રહેવાનું હોય તો તે આપણી કમનસીબી પણ ગણાય છે અને આ પ્રકારની શાસન પદ્ધતિ આપણી લોકશાહીની ગરિમાને ઝાંખપ પણ લગાડે છે.

આજે આપણા દેશમાં દરેક ઠેકાણે રાજકીય દખલગીરી હવે સામાન્ય બની ગઈ છે અને હવે આ દખલગીરી જાહેર સંસ્થાઓમાં અને ખાનગી બાબતો પણ થવા લાગી છે. આપણે તનતોડ મહેનતથી ઊભી કરેલ સંસ્થાઓમાં પણ થોડાક સ્વાર્થ અને અદેખાઈ ખાતર આપણે રાજકીય આગેવાનોને સ્થાન આપી દઈએ છીએ અને જે મોટાભાગે આપણા માટે નુકસાનકારક સાબિત થતું જોવા મળે છે. થોડા સમય પહેલાં સુપ્રીમ કોર્ટ દ્વારા વહીવટી વડાઓને રાજકીય લોકો સાથે કામ કરવા માટેની ઘણી જરૂરી સૂચનાઓ આપી હતી જે આપણા દેશના હિત માટે એક આવકારદાયક બાબત ગણી શકાય. આજે જ્યારે આપણે આઝાદીની ઉજવણી કરીએ છીએ ત્યારે આપણા દેશ - સંસ્થા કે સમાજની પ્રગતિ માટે રાજકીય દખલગીરીથી પણ આપણને આઝાદી મળવાની જરૂર જણાય છે. સરકાર હસ્તકની વહીવટી બાબતોમાંથી રાજકીય દૂષણ કાઢવા માટે તો કદાચ બીજો આઝાદી સંગ્રામ લડવાની જરૂર પડે તેમ છે, પણ આપણે જાગ્યા ત્યારથી સવાર સમજી આપણા લેવલે રાજકીય લોકોને બને ત્યાં સુધી આપણા કામકાજોથી દૂર રાખવા તે જ અત્યારના સંજોગોમાં આપણું - સમાજનું અને દેશનું હિત ગણાય માટે બહુજન હિતાય, બહુજન સુખાયની ભાવનાને ધ્યાનમાં લઈને એક સુંદર અને સ્વચ્છ વ્યવસ્થા ઊભી કરવામાં ચાલો આપણે સહુ સાચા અર્થમાં સહભાગી બનીએ.



- અતુલ એન. ચોટાઈ

# વિદર્ભ સહ મધ્યભારત



અમરાવતીઃ મા ભગવતી અંબાની આ પવિત્ર ધરા અમરાવતીનગર, દેવી શક્તિનું સામાજિક શક્તિને જાગૃત કરતા શંખનાદ થયું. શ્રી અખિલ ભારતીય લોહાણા મહાપરિષદ તત્વધાનમાં સહયોગી મિત્ર સંસ્થા શ્રી લોહાણા મહિલા મંડળ અમરાવતી, શ્રી રઘુવંશ ગ્રુપ અને શ્રી જલારામ ભજન સત્સંગ મંડળ દ્વારા વિશ્વ શાંતિ કલ્યાણ અને દેશ અને પ્રદેશની સમૃધ્ધિ હેતુ સૂર્યપત્ની શ્રી રાંદલ માના સામૂહિક ૧૦૮ લોટા મહોત્સવનું સફળ આયોજન હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યું.

આપણા ગુજરાતીમાં એક કહેવત છે કે સારો એક વિચાર સમાજના કેટલાક લોકોનું કલ્યાણ કરે બસ આવો જ એક સારો વિચાર સમાજના પ્રમુખ શીલાબેન પોપટને આકોલામાં સામૂહિક રાંદલ મહોત્સવ દરમ્યાન માતાજીના મઢના સન્મુખ આવ્યો કે આપણે મળીને એવો સંકલ્પ અને કાર્ય કરીએ કે તેનાથી સમાજને નવોસંદેશ અને એક સારી શરૂઆત મળે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી સમાજના ઉત્થાન અને એકત્રીકરણ અંગે કાર્યો કરવાની સૂચના મળતી હોય છે તે વિચારાધીન લઈ ધાર્મિક આયોજન અમરાવતીના યજમાનપદે કરવા માટે શ્રી શીલાબેને એ ઉત્સવ દરમિયાન ભીલાઈ (છત્તીસગઢ)થી આવેલ ભાગવત વક્તા અને શ્રી રાંદલ માના ઉપાસક પોતાના વિચાર જણાવ્યા અને માતાજીની અમરાવતીમાં પધરામણી થાય તેવું શુભ સંકલ્પ લીધો અને સારા વિચારનો બીજ ભૂમિગત કર્યો. સહયોગી સંસ્થાઓને સાથે લેતા ઉમેશભાઈ જાની દ્વારા પ્રાપ્ત ૨૧ જાન્યુઆરી, ૨૦૧૮ રવિવાર મૂહૂર્ત પ્રાપ્ત કરતા સર્વ પ્રથમ અમરાવતીના હૃદયસ્થળ પર સ્થિત સિધ્ધાર્થ મંગલમ ભવનની બુકિંગ કરતા અગ્રીમ રાશિ જમા કરાવી. હવે કાર્યક્રમની શરૂઆત થઈ એ એક સ્વરમાં કીધું કે આ પ્રસંગનો સારો સંદેશ પ્રત્યેક સમાજમાં જાય અને લોકોને પ્રેરણા મળે તો સર્વ સભ્યોએ માતાજીની પૂજા કરતાં પહેલાં વિશેષ જાગરૂક કન્યા પૂજન થાય એવો રાંદલ માનું જીવનના ઉદ્દેશ્ય વિચારમાં રાખી અપંગ અને અંધ કન્યાઓની પૂજનવિધિ માં રાંદલ આરાધનાની પૂર્વ સંધ્યાએ અમરાવતીના ભુદેવ શ્રી મધુશંકરભાઈ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવશે એવો સંકલ્પ લેવાયો. ગામ અને બહારગામથી ભક્તો રાંદલ મહોત્સવમાં મન વરસાવીને લોટાની નોંધ કરાવી અને તા. ૨૦, ૨૧ અને ૨૨ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ધામધૂમથી તૈયારી થવા માંડી.

કાર્યક્રમના બીજા દિવસે ૪૦ યજમાનોએ સજોડે રાંદલ માતાજીના સુંદર મઢ સમક્ષ ઉમેશભાઈ જાની અને પ્રકાશભાઈ દ્વારા સસ્વર સંગીતમય પૂજાનો લાભ લીધો. દર્શનાર્થીઓની ભીડથી વિશાલ પ્રાંગણ પણ નાનું લાગવા માંડ્યું. મહાઆરતી પછી ગોરણીઓની સામૂહિક પગ પૂજાનો પ્રારંભ થયો. સંપૂર્ણ કાર્યક્રમની વ્યવસ્થા ધ્યાનાકર્ષક હતી. માત્ર ૧ કલાકમાં લગભગ ૧૫૦૦ ભક્તોએ પ્રસાદ લીધો. શક્તિપીઠ દડવાથી પધારેલ શ્રી પ્રતાપબાપુના આશિષ સર્વ ભક્તોને પ્રાપ્ત થયા. આવું સુંદર આયોજન જોઈ તેઓએ શીલાબેન સહિત આખી કારોબારીને રાંદલ (દડવા) પધારવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું.

સંધ્યા આરતી અને ગરબામાં દરેક નગરવાસીઓએ ઉમેશભાઈ જાનીના મુખથી રાંદલ માતાની કથા શ્રવણ કરી સમૂહ આરતી કરી આયોજક મંડળના બહેનોની એક ડ્રેસ કોડ કાર્યક્રમની શોભા વધારતા હતા. ઘોડાખૂંદ, રાસ, બે તાલી, ત્રણ તાલી, ચાર તાલી અને અનેકાનેક મુદ્રાઓથી માં ભગવતીની આરાધના કરવામાં આવી. નાગપુર, ગઢચીરોલી, હૈદરાબાદ, ચંદ્રપુર, જલગામ, ભંડારા, અકોલા, યવતમાલ, સુરત, મુંબઈ, ગોંદિયા સહિત દેશના વિવિધ શહેરોથી લંડનથી લોકો પધાર્યા હતા.



મા ભગવતીને વાજતેગાજતે સૂર્યલોક વિદાય કરવામાં આવી. શીલાબેને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વે સભ્યો, દાતાઓ અને નગરવાસીઓનો આભાર માન્યો. આયોજનને સફળ બનાવવા લોહાણા મહિલા મંડળના હેતલબેન હિંડોચા રઘુવંશ મંડળના પૂજાબેન ગણાત્રા, જલારામ ભજન મંડળના રશ્મિબેન રાયચુરા તથા તેમની ટીમે સરસ સહયોગ આપી. આયોજનના અંગે શ્રી લોહાણા મહાજન અમરાવતી, શ્રી લોહાણા નવયુવક મંડળ, શ્રી ગુજરાતી સમાજ અમરાવતી, શ્રી જલારામ સત્સંગ મંડળ અમરાવતીનો વિશેષ સહયોગ રહ્યો. આયોજનમાં શ્રી નરેન્દ્રભાઈ દાવડા વિદર્ભ વિભાગ અને વિભાગીય કારોબારીની હાજરી હતી. આ આયોજનની યાદગીરી અમરાવતી અને વિદર્ભ વિભાગના ઈતિહાસમાં વર્ષોવરસ રહેશે.

# વિદેશ વિભાગ



**Heartily Congratulations from Shri Pravinbhai Kotak and whole team of Shree Lohana Mahaparishad to the newly formed team of LCUK.**

LCUK, 3A The Lee, Northwood, Middlesex, HA6 3HT
Tel: 07792 772 202    Email: bharatasodha@gmail.com

**Lohana Community Of United Kingdom**

*Sunil Majithia*
**President**

*Bharat A Sodha*
**Secretary General**

Dear Shri Himanshubhai Thakkar & Shri Piyushbhai Gantha
(Honorable Secretaries)

**LOHANA COMMUNITY OF UNITED KINGDOM**

Jai Shree Krishna & Jai Raghuvansh.

We write to inform you that LCUK had its Annual General Meeting in May 2017 where a new executive committee was duly elected. The following were duly elected in the respective positions :

| | |
|---|---|
| President : | Sunilbhai Majithia |
| Secretary : | Bharatbhai A Sodha |
| Vice President 1 : | Ajaybhai Jobanputra |
| Vice President 2 : | Prakashbhai Modi |
| Treasurer : | Hiteshbhai Thakrar |
| PRO : | Chetanbhai Pujara |

The following were elected as Trustees :

Prafulbhai Nathwani
Kiritbhai Karia
Rashmibhai Chatwani
Ashokbhai Rach
Mukeshbhai Vasant

Yours sincerely
Jai Shree Krishna – Jai Raghuvansh

Bharat A Sodha
Secretary General
Email: bharatasodha@gmail.com
Mob: +44 7792 772 202

***Affiliated Members***

*Ashton-U-Lyne*
*Birmingham*
*Bolton*
*Cambridge*
*Coventry*
*Derby & Nottinghamshire*
*Leicester*
*East London*
*North London*
*South London*
*West London*
*Loughborough*
*Luton*
*Manchester*
*Milton Keynes*
*Northamptonshire*
*Norfolk*
*Peterborough*
*South West & Wales*
*South End on Sea*
*Southampton*

**WWW.lcuk.org.uk**



શ્રી કલકત્તા ગુજરાતી સમાજ અને પ્રોફેશનલ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ - ઉત્તર પૂર્વ વિભાગના સંયુક્ત ઉપક્રમે કેન્દ્રીય બજેટ - ૨૦૧૮ વિષે મહત્ત્વપૂર્ણ સેમિનારનું આયોજન તા. ૪-૨-૨૦૧૮ ને રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકથી કલકત્તા ગુજરાતી સમાજ, ટેરેસ હોલમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર સભાખંડ ઉત્સુક શ્રોતાઓથી ભરાઈ ગયો હતો.

સેમિનારમાં આવનાર દરેક શ્રોતાઓનું રજીસ્ટ્રેશન કરી તેમને ફોલ્ડરમાં પ્રોફેશનલ સમિતિ દ્વારા તૈયાર કરેલ અત્યંત ઉપયોગી એવું બેકગ્રાઉન્ડ મટીરીયલ Direct Tax Ready Referencer, Budget Highlights સાથે GST Referencer, GST - E-Way bill provisions સાથે Notepad અને Pen આપવામાં આવેલ. સેમિનારની શરૂઆતમાં જ સહુએ હાઈ-ટીનો આનંદ માણ્યો હતો.

ત્યારબાદ સમાજના પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, ટ્રસ્ટીઓ શ્રી ભોગીલાલભાઈ મહેતા, શ્રી પુરસોત્તમભાઈ પારેખ, શ્રી ધનવંતભાઈ દેસાઈ, શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રી હીરાલાલભાઈ રાજા, પ્રોફેશનલ સમિતિ (ઉત્તર-પુર્વ વિભાગ)ના ઉપપ્રમુખ સી.એ. શ્રી અશોકભાઈ પોપટ, સીએ શ્રી જીનેશભાઈ વણઝારા, સીએ શ્રી જયેશભાઈ પોપટ તથા સીએ શ્રી મેહુલભાઈ કારિયાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું અને શ્રી લોહાણા મહાપરિષદ (ઉત્તર-પૂર્વ વિભાગ)ના જનસંપર્ક અધિકારી સીએ શ્રી કિશોરભાઈ દત્તાણી તથા ક્રિષ્નાબેન દત્તાણીએદીપ પ્રાગટ્યનો ભાવપૂર્ણ રીતે મંત્રોચ્ચાર કર્યો હતો.

ત્યારબાદ મંચસ્થ સહુ મહાનુભાવો સર્વશ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, શ્રી હીરાલાલભાઈ રાજા, સીએ શ્રી જીનેશભાઈ વણઝારા, સીએ શ્રી અશોકભાઈ પોપટ, સીએ શ્રી જયેશભાઈ પોપટ, સીએ શ્રી મેહુલભાઈ કારીયા તથા સીએ શ્રી કિશોરભાઈ દત્તાણીનું સન્માન અનુક્રમે સર્વ ઉષાબેન પોપટ, ક્રિષ્નાબેન દત્તાણી, ચિત્રાબેન પોપટ, શ્રી લોહાણા મહાપરિષદ (ઉત્તર-પૂર્વ) વિભાગ મહિલા સમિતિના પ્રમુખ ભારતીબેન ઠક્કર, રઘુવંશી મહિલા ફોરમના પ્રમુખ ભાવનાબેન રાચ્છ, કોકિલાબેન પારેખ તથા સીમાબેન વણઝારાના હસ્તે ચોકલેટી બુકે અર્પણ કરીને કરવામાં આવ્યું હતું અને આ સહુની આભારવિધિ સીએ વિધિબેન પલણ (રાજા)એ કરાવી હતી.

આ પ્રસંગે સમાજના પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીએ પોતાના પ્રાસ્તાવિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે છેલ્લા ૭ વર્ષોથી બજેટ પરિસંવાદનું આ આયોજન લગાતાર થાય છે જેની લોકો આતુરતાથી રાહ જોતા હોય છે. આપણે નસીબદાર છીએ કે આપણા સમાજના યુવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ આટલી મહેનત કરી બજેટ અને બીજા ઇકોનોમિક મેટર વિશે આપણને સરળ ભાષામાં સમજણ અને મુદ્રિત સામગ્રી આપે છે.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સીએ કિશોરભાઈ દત્તાણીએ પોતાની આગવી શૈલીમાં કરતાં કહ્યું કે આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દેશમાં ''રાજા કાલષ્ય કારણમ'' અને ''વસુધૈવ કુટુંમ્બકમ'' દ્વારા સ્વચ્છ ભારત - તન સે, મન સે, ધન સે સ્વચ્છ ધન અભિયાન''ની દેશમાં ઝુંબેશ ચલાવી રહ્યા છે જેની વિશેષતા સમગ્ર દેશ તેમજ વિદેશ સુધી પ્રસરાય છે. સીએ શ્રી અશોકભાઈ પોપટે બજેટમાં પ્રસ્તુત થયેલા સુધારાઓની ઝીણવટથી છણાવટ કરી PPT દ્વારા હાલના કાયદાઓ તેમજ બજેટમાં પ્રસ્તુત કરેલ amendments અને તેની સામાન્ય લોકો ઉપર કઈ રીતે અને કેટલી અસર થશે તેની રજુઆત કરી હતી. તેમણે PPT Slide દ્વારા વર્ણવ્યું કે કેવી રીતે આપણા દેશના પ્રધાનમંત્રી, માનનીય મોદીજીના આ બજેટમાં કૃષિ અને શ્રમિકો કેન્દ્રબિંદુમાં છે અને મધ્યમ વર્ગ માટે આ બજેટની કોઈ ખાસ અસર નથી એ સમજાવ્યું અને ઉપસ્થિત સર્વે શ્રોતાઓએ તેમની આ પ્રસ્તુતિને વખાણ્યું.












સીએ જિનેશભાઈ વણઝારાએ Benami Act અને વર્તમાન ટેક્સ કાયદાઓના કમ્પલાયન્સ વિશે સલાહ સૂચન આપતા હાલમાં ચાલતા Black Money અને તેના ઉપર કર વસૂલી બાબત ઉપયોગી માહિતી આપી હતી અને આ બજેટને તેઓએ એક Progressive Budget તરીકે દર્શાવ્યું હતું.

સીએ જયેશભાઈ પોપટે GST ના E-Way પ્રોવિઝન્સ (જે વ્યાપારીઓને ૦૧/૦૨/૨૦૧૮ લાગુ થવાના હતા પણ નિલંબિત કરવામાં આવેલ છે.) ને લગતી દરેક બાબતો વિશે ખૂબ જ ઉપયોગી માહિતી PPT દ્વારા રજુ કરીને હાલના GST - E-Way Bill કાયદાઓ માટે સરકાર અને સામાન્ય લોકો વચ્ચે E-way bill નું ટૂક મંથન ચાલી રહ્યું છે તે જણાવ્યું હતું.

સીએ મેહુલ કારિયાએ Long Term Capital Gain Tax ને લગતી માહિતીઓ આપતા સમજાવ્યું કે બજેટમાં પ્રસ્તાવિત Long Term Capital Gain Tax ના લીધે શેરબજારમાં લાંબાગાળે કોઈ ઘટાડો નહીં થશે અને જો થયો તો તે કોઈ બીજા કારણોવશ થશે તે આંતરરાષ્ટ્રીય માર્કેટને લીધે Corrections આવશે.







અંતમાં સીએ વિધિ પલણ (રાજા)એ રમુજી શૈલીમાં "જન મન કી બાત - જેમાં Time Management ની PPt દ્વારા રજુઆત કરી હાલના સમયમાં Whatsapp, Facebook, Twitter વિગેરેમાં આપણો સમય કેવો અને કેટલો વેડફાય છે અને તેને રોકીને સમયનો સદુપયોગ કઈ રીતે કરી શકાય તે દર્શાવ્યું હતું.

ત્યારબાદ સર્વશ્રી રવિન્દ્રભાઈ વાધાણી, શ્રી હીરાલાલભાઈ રાજા, શ્રી ભોગીલાલભાઈ મેહતા, શ્રી પુરુષોત્તમભાઈ પારેખ, સો. ગોપાલ દવે અને ડૉ. વિપીનભાઈ પટેલે સર્વે વક્તાઓ - સીએ જિનેશભાઈ વણઝારા, સીએ અશોકભાઈ પોપટ, સીએ કિશોરભાઈ દત્તાણી, સીએ જયેશભાઈ પોપટ, સીએ મેહુલભાઈ કારિયા અને સીએ વિધિ પલણ (રાજા) નું સ્મૃતિચિન્હ અર્પણ કરીને સન્માન કર્યું હતું. આ આયોજનમાં વિવિધ રીતે સહયોગ આપનાર દેવયાની પોપટ, ક્રિષ્નાબેન દત્તાણી અને ઉન્નતિ શાહનું બહુમાન શ્રીમતી ચિત્રાબેન પોપટ, શ્રી રવિન્દ્રભાઈ વાધાણી અને શ્રીમતી સીમાબેન વણઝારાએ ભેટ અર્પણ કરીને કર્યું હતું.

ત્યારબાદ આ સમારંભની મધુર યાદગીરી સાથે બધા સભ્યો લગભગ ૮.૦૦ વાગ્યે વીખરાયા હતા. આવા ઉપયોગી અને માહિતીસભર આયોજન માટે શ્રી કલકત્તા ગુજરાતી સમાજ અને પ્રોફેશનલ સમિતિ (ઉત્તર પૂર્વ વિભાગ) તથા સર્વે વક્તાઓ અભિનંદનને પાત્ર છે.

# પ્રોફેશનલ સમિતિ









તા.૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદની પ્રોફેશનલ સમિતિ દ્વારા તાજેતરમાં જ દ્વારા ભારત સરકાર દ્વારા રજૂ થયેલ બજેટ અંગે સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન, થલતેજ મુકામે પરિસંવાદનું અત્યંત સફળતાપૂર્વક આયોજન થયું. આ પરિસંવાદમાં ૧૯૮ જેટલા સભ્યોએ રજીસ્ટ્રેશન કરી આ પરિસંવાદમાં ભાગ લીધો. સવારે ૯.૩૦ કલાકે રજીસ્ટ્રેશન અને અલ્પાહાર બાદ લગભગ ૧૦.૩૦ કલાકે રઘુવંશી ધ્વજવંદન ગીત ગાન અને દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ.

આ કાર્યક્રમનું સંચાલન કરતા સંયુક્ત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે પ્રોફેશનલ સમિતિના અધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયાને અધ્યક્ષકીય ઉદ્‌બોધન અને સ્વાગત પ્રવચન માટે આવકારતા શ્રી શિલ્પાંગભાઈ કારીયાએ મુરબ્બી શ્રી ભરતભાઈ પોપટ, શ્રી ભરતભાઈ મોદી તથા શ્રી રોહનભાઈ ઠક્કરને મુખ્ય વક્તા તરીકે આમંત્રિત કરી તેમનું સ્વાગત કર્યું હતું સાથે સાથે માતૃસંસ્થાના મંચસ્થ હોદ્દેદારો, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી તથા અમદાવાદ સ્થિત શુભેચ્છક સંસ્થાઓ શ્રી હા.ઘો.ક. લોહાણા મહાજન, સમસ્ત લોહાણા મિલન, લોહાણા પરિવાર, શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન અમદાવાદ તથા અન્ય સંસ્થાઓનો પણ નામોલ્લેખ કરી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા અને સેવાયજ્ઞની આ યાત્રામાં બહોળી સંખ્યામાં પ્રોફેશનલ સી.એ. તથા અર્થશાસ્ત્રીઓ જોડાયાનો આનંદ પણ વ્યક્ત કર્યો હતો.

ખૂબ જ ટૂંકાગાળામાં આ કાર્યક્રમનું સુંદર સંકલન કરી અનેક લગ્નો હોવા છતાં આટલી સારી સંખ્યામાં લોકોને ઉત્સાહભેર જોડવા માટે શ્રી હિમાંશુભાઈએ શ્રી પ્રવિણભાઈ કોટક વતી પ્રોફેશનલ સમિતિના અધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયા તથા શ્રી ધર્મેશભાઈ હરિયાણીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ માતૃસંસ્થાને મજબૂત કરવા આપણા જેવા સમર્થ લોકોને સેવાકાર્યમાં જોડાવા માટે અપીલ કરી હતી. શ્રી લોહાણા મહાપરિષદની ગૌરવવંતી ટીમનો પોતે એક હિસ્સો હોવા અંગે પણ ગૌરવની અનુભૂતિ કરી આ કાર્યમાં જોડાયેલા સૌને બિરદાવ્યા હતા. લગભગ ૩૫ થી ૪૦ વરસનો અનુભવ ધરાવતા શ્રી ભરતભાઈ પોપટે વિવિધ પ્રકારના કરવેરા અને પોલિસી અને નિતિ વચ્ચેનો ભેદ સરકારી રાહે સુંદર રીતે સૌને સમજાવ્યો હતો. લગભગ ૪૦ મિનિટના તેમના આ મનનીય વિચારોને સૌએ વધાવ્યા હતા. ત્યારબાદ શ્રી ભરતભાઈ મોદીએ સ્ટોક માર્કેટ ઉપર થતી અસરો અને જરૂરી સલાહો આપી હતી. ત્યારબાદ શ્રી રોહનભાઈ ઠક્કરે એક્સપોર્ટ - ઈમ્પોર્ટ અને કસ્ટમ્સની વિવિધ વિગતોથી સૌને માહિતગાર કર્યા હતા. આ વક્તવ્યના અંતે સભ્યોએ પ્રશ્નોત્તરી સેશનમાં પોતાના પ્રશ્નો અંગે રજૂઆત કરી ખૂબ જ સંતોષકારક જવાબો મેળવ્યા હતા. આ પરિસંવાદમાં શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ હોદ્દેદારો શ્રી ભાવેશભાઈ લાખાણી, શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી જીતેન્દ્રભાઈ કારીયા, શ્રી શશીકાંતભાઈ કાનાણી, શ્રી અલ્પેશભાઈ

જોબનપુત્રા, શ્રી ભરતભાઈ ઉનડકટ, શ્રી અંજનભાઈ કોટક, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી નીતીનભાઈ ઠક્કર, શ્રી જયેન્દ્રભાઈ તન્ના, શ્રી અશોકભાઈ ગઢિયા, શ્રી મનુભાઈ ઠક્કર, શ્રી મહેન્દ્રભાઈ સોમાણી, શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ), શ્રી સંજયભાઈ ઠક્કર તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.




શ્રી લોહાણા મહાપરિષદની પ્રોફેશનલ સમિતિ (ઉત્તર પૂર્વ વિભાગ) અને શ્રી કલકત્તા ગુજરાતી સમાજના ઉપક્રમે "યુનિયન બજેટ - ૨૦૧૮" સેમિનારનું તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ શ્રી કલકત્તા ગુજરાતી સમાજ, વ્રજદાસ દત્તાણી ભવન, ૧૪, માધવ ચેટરજી લેન, કોલકત્તા ખાતે આયોજન કરવામાં આવેલ હતું જેમાં સ્પીકર તરીકે શ્રી જીનેશભાઈ વણઝારા (સીએ), શ્રી કિશોરભાઈ એમ. દત્તાણી (સીએ), શ્રી અશોકભાઈ એમ. પોપટ (સીએ), શ્રી જયેશભાઈ પોપટ (સીએ), શ્રી વિધિ પલણ (રાજા) (સીએ), શ્રી મેહુલભાઈ કારીયા (સીએ) વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમની શરૂઆત સાંજે ૪.૩૦ કલાકે રજિસ્ટ્રેશન અને ચા-નાસ્તા સાથે થઈ હતી. અને સાંજે ૭.૩૦ કલાકે કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. આ સેમિનારમાં કલકત્તા તથા આસપાસના વિસ્તારના ઘણા રઘુવંશીઓની ઉપસ્થિતિ હતી.








## શ્રધ્ધા સુમન



તાજેતરમાં જ અમદાવાદ જિલ્લાના બાવળા મુકામે ૧૬ વર્ષની સ્કૂલમાં અભ્યાસ કરતી દિકરી પ્રિયાંશી હરીશભાઈ ઠક્કરે કરૂણ રીતે પોતાનું જીવન ટૂંકાવતા બાવળા તેમજ આસપાસના વિસ્તારોમાં વસતા સમગ્ર રઘુવંશી સમાજે આઘાતની લાગણી અનુભવી પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ અને દુષ્પ્રભાવમાં બ્લેકમેઈલિંગનો ભોગ બનેલ આ યુવતીને ન્યાય મળે તે માટે સ્થાનિક કક્ષાએ મામલતદાર તથા કલેક્ટરને રજૂઆત કરી પકડાયેલા ગુનેગારોને કડક સજા મળે તે માટે રજુઆતો કરાઈ છે. આ પ્રકારની ઘટના સમાજના પરિવારોમાં ઉછરતી યુવાન દિકરીઓના માતા-પિતા માટે લાલ આંખ સમાન છે. પરમકૃપાળુ પરમાત્મા દિકરીના આત્માને તેમના ચરણોમાં સ્થાન આપે અને પરિવારને આ કપરી વેળા સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના સહ માતૃસંસ્થાની ભાવાંજલિ....

## હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

*With Best Regards,*

**Suresh Chandarana**
Vice President, Saurashtra Zone

SINCE 1981

**DHAVAL AGRI EXPORTS**
Sesame Seeds, Peanuts & Spices Exporter
A-75, Market Yard, Rajkot (Bedi) - 3 Gujarat - India
PH.: +91 - 281 - 2790291 / 2790292 / 2790293
FAX : +91-281-2790294 • Cell : +91-98240 66375
Email : suresh@dhavalagri.com • Website : www.dhavalagri.com

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

**Nitin Raichura**
**98251 75353**

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

**The Fern Residency, Kuwadva Road, Rajkot.**
**E-mail : nitin@sgsrgroup.com**

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES



Domestic & International Air Tickets
World Wide Hotel Booking
Car & Bus on Rent
Passport, Visa & Travel Insurance Assistance
Rail & Bus Tickets
Domestic & International Tour Packages

Address UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com



## ધવલ આચાર્ય

Managing Director
ROYAL GROUP

યુવા અધ્યક્ષ ગુજરાત વિભાગ
કન્વીનર કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ

*Royal House Opp. Karnawati Club, S.G. Highway, Ahmedabad-15*
*Mail Id : dhaval@royalinfra.com +91-9879100000, +91-9825250403*

## હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી પરિવાર, કોલકાતા**



## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...

હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

**Jalaram Transport Co.**

FLEET OWNERS TRANSPORT CONTRACTORS & COMMISSION AGENT

H.O. 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

**Himanshu Thakker** 9879301004 9374001004
(MBA, MCA, Doctoral Researcher)
www.himanshuthakkar.com

**Expert Educate Pvt. Ltd.**
Career Counseling - Training - Publications

Hon. Services
- Shree Lohana Mahaparishad
- Shree Kutch Vagad Lohana Mahajan
- Ahmedabad Lohana Mahajan Vadi
- Shree Akhil Guj. Kutch Vagad Lohana Mahajan
- Shree Kutchi Samaj, Ahmedabad
- Green Orgon Donor's Foundation

**હાર્દિક શુભેચ્છા સહ**
શ્રી પ્રવીણભાઈ કાનાબાર
પરિવાર, મસ્કત

**હાર્દિક શુભેચ્છા સહ**
શ્રી હરેશભાઈ મુડિયા
પરિવાર, મસ્કત

**હાર્દિક શુભેચ્છા સહ**
શ્રી દિનેશભાઈ પવાણી
પરિવાર, મસ્કત

**હાર્દિક શુભેચ્છા સહ**
શ્રી જીતુભાઈ તન્ના
પરિવાર, મસ્કત

ADVOCATE +91 94284 17965

**SHYAMAL KIRIT BHIMANI**
B.com., LL.B. (HONS.)
Advocate, Gujarat High Court
406/A, Satyamev-II, Nr. Gujarat High Court,
Opp. Kargil Petrol Pump, S.G. Road, Sola, Ahmedabad-60
E-mail : shyamalbhimani.adv@gmail.com




**HARSH CLEAN DHAN PVT. LTD.**
Regd. Office : 11/2A, Pusa Road, New Delhi-110005
Factory : Maa Umiya Industrial Estate, Plot No. 176, Kapsi Bujurg,
Bhandara Road, Nagpur - 441001 Mob. : 88881 10467 Email : nagpur.woosh@gmail.com

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ


હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી દિનેશભાઈ મારફતિયા**
**પરિવાર, જામનગર**

ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

**કે. સી. ઠક્કર - ગાંધીધામ**
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : શ્રી લોહાણા બોર્ડિંગ (કુમાર છાત્રાલય), રાપર

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી ભરતભાઈ કોટક**
**અધ્યક્ષ, સ્થાયી સમિતિ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી ધર્મેશભાઈ હરિયાણી**
**અધ્યક્ષ, શિક્ષણ સમિતિ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી પિયુષભાઈ ગંઠા**
**મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી નિલેષભાઈ કોટક**
**પ્રમુખશ્રી, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના**

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

## પર્યાવરણ સમિતિ




# પાણી બચાવો, જીવન બચાવો





શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર વિભાગની બેઠક તા. ૬ જાન્યુઆરી, ૨૦૧૮ ને સાંજે ૪.૦૦ કલાકે બાલભવન, રાજકોટ ખાતે યોજાઈ હતી જેમાં મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, પરિષદના ઉદ્‌ઘોષક શ્રી ચંદ્રકાંતભાઈ તન્ના તથા રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા, રમતગમત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ ઠક્કર, શ્રીમતી તૃપ્તિબેન રાજવીર, જસદણના રાષ્ટ્રીય સભ્ય શ્રીમતી સોનલબેન વસાણી તથા રાજકોટના શ્રી જયભાઈ ઘેલાણી, શ્રી નમ્રતા સેતા, શ્રી રવિરાજભાઈ ઠકરાર, શ્રીમતી ધારાબેન કોટક, શ્રી નીશાબેન જોબનપુત્રા, શ્રી વિશાલભાઈ રાચ્છ, શ્રીમતી કમલાબેન ભાગ્યોદય, શ્રી જાગૃતિબેન ખીમાણી, શ્રીમતી વિજયાબેન કટારીયા, શ્રીમતી હંસાબેન લાલ, શ્રીમતી ઉષાબેન કતીરા, શ્રી નિશિતભાઈ જીવરાજાની, શ્રી ગીરીશભાઈ ચંદારાણા, શ્રી શરદભાઈ વિઠલાણી, શ્રી રાહુલભાઈ લાલ, શ્રીમતી બિંદિયાબેન અમલાણી, શ્રીમતી રશ્મિબેન માણેક ઉપસ્થિત રહ્યા હતા. બેઠકના પ્રારંભમાં સૌરાષ્ટ્ર વિભાગની ટીમ દ્વારા તમામ હોદ્દેદારોનું "મનીપ્લાન્ટ"થી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમિતિના તમામ સભ્યોએ પોતાનો પરિચય આપ્યો અને પર્યાવરણ પર પોતાના વિચારોની આપ-લે કરી હતી જેમાં મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું સાથે પર્યાવરણ પ્રેમીઓએ આગામી દિવસોમાં કરવાની પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરી હતી. અંતમાં માનનીય મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, પરિષદના ઉદ્‌ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના દ્વારા તમામ સભ્યોની ખેસથી સન્માન કરવામાં આવ્યું હતું.

તા. ૭ જાન્યુઆરી, ૨૦૧૮ ને રવિવારે, શ્રી લોહાણા મહાપરિષદની મધ્યસ્થ કારોબારીની બેઠકમાં શ્રી કિરીટભાઈ ભીમાણીએ ઉપસ્થિત સૌને પર્યાવરણ સમિતિના વિવિધ અભિયાનો વિષે માહિતગાર કરેલ અને ૨૫૦થી પણ વધારે જગ્યાએ વૃક્ષારોપણની જાણ કરેલ.

શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર વિભાગ દ્વારા તા. ૭ જાન્યુઆરી ૨૦૧૮ને રવિવાર સાંજે ૫.૦૦ કલાકે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ, જેમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, રાષ્ટ્રીય સંયુક્ત મંત્રી તથા રાજકોટ લોહાણા મહાજન પ્રમુખ શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી, પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, પરિષદના ઉદ્‌ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ







તન્ના, સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણા તથા વિવિધ મહાનુભાવો શ્રીમતી શિલ્પાબેન પુજારા, શ્રીમતી દક્ષાબેન ભગદેવ, શ્રી રમેશભાઈ ઠક્કર, શ્રી સંજયભાઈ ઠક્કર, શ્રી રત્નાબેન સેજપાલ, શ્રીમતી મનીષાબેન ભગદેવ, શ્રી સુરેશભાઈ કાથરાણી, શ્રી ધવલભાઈ ખખ્ખર, શ્રી જગદીશભાઈ કોટેચા, શ્રી અશોકભાઈ હિંડોચા, શ્રી સમીરભાઈ રાજાણી, શ્રી મયુરભાઈ સેજપાલ, પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ ઠક્કર, શ્રી જયભાઈ ઘેલાણી, શ્રી નમ્રતા સેતા, શ્રી ધારાબેન કોટક, શ્રીમતી કમલાબેન ભાગ્યોદય, શ્રી જાગૃતિબેન ખીમાણી, શ્રીમતી વિજયાબેન કટારીયા, શ્રીમતી હંસાબેન લાલ, શ્રીમતી સોનલબેન જોબનપુત્રા, શ્રીમતી બિંદિયાબેન અમલાણી, શ્રીમતી રશ્મિબેન માણેક, શ્રી શરદભાઈ વિઠલાણી, શ્રી રાહુલભાઈ લાલ તથા સમાજની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

૮-૧-૧૮ના રોજ નાગપુર જલારામ નગરમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ. જેમાં શ્રી ઉમેશભાઈ ઠક્કર, મનોજભાઈ આયા, વિપુલભાઈ કારીયા, ક્રિષ્ણાભાઈ પોપટ, રૂષાલભાઈ ઉમેશભાઈ ઠક્કર, મીનલબેન ઠક્કર અને સ્થાનિક રઘુવંશી લોહાણા પરિવારોએ અને શ્રીકાંતભાઈ સોની પરિવારે ઉત્સાહપૂર્વક સહયોગ કરેલ જે બદલ એમનો અત્યંત આભાર અને જયશ્રીકૃષ્ણ.



૧૧-૧-૧૮ ને ગુરૂવારે શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિના અંતર્ગત વૃક્ષો વાવો, ધરતી બચાવો અભિયાનમાં પર્યાવરણ સમિતિ દ્વારા શીતલા માતા મંદિર, પ્રાંગણ કાંજી હાઉસ ચોક, નાગપુરમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ જેમાં શ્રી પ્રફુલભાઈ રાજા, શ્રી અનિલભાઈ અઢીયા, કૃષ્ણાભાઈ પોપટ, શ્રી વિપુલભાઈ કારીયા અને સ્થાનિય રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૭-૧-૧૮ ને બુધવારે સાંજે ૪.૩૦ કલાકે શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર વિભાગ દ્વારા બાલભવન ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમાં પ્રીતિબેન કારિયાનો જન્મદિવસ તથા દીપાબેન ગંડેચાની લગ્ન વર્ષગાંઠ હોવાથી તેઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. મહાપરિષદના રાષ્ટ્રીય સભ્ય શ્રી જયભાઈ ઘેલાણી, સૌરાષ્ટ્ર સમિતિના સભ્યો વિજયાબેન કટારીયા, સુરેશભાઈ કટારીયા, ચેતનાબેન ભીંડોરા, રાહુલભાઈ લાલ તથા બિંદિયાબેન અમલાણી ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૦-૧-૧૮ ના રોજ પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રી મનોજભાઈ ઠક્કરે પોતાના જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરેલ.

તા. ૨૧-૧-૧૮ના રોજ પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રી મનોજભાઈ ઠક્કરે પોતાના જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરેલ. તા. ૨૧-૧-૧૮ ના રોજ પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્યભારત વિભાગ દ્વારા અમરાવતીના વિવિધ સ્થળો જેવા કે ભક્તિધામ મંદિર, રાજાપેઠ, પોલીસ સ્ટેશન, શિવટેકરી, સિધ્ધાર્થ મંગલમ, તપોવન સ્થિત એસ.ટી. વર્કશોપ પરિસર, પન્નાલાલ નાગર, મધુસુદન જાજોદિયા બી.એડ. કોલેજ, પરિસર, ગ્રીન પરિક્રમા સોસાયટીમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ. શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી પ્રમોદભાઈ પટેલીયા, શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ, શ્રીમતી શીલાબેન પોપટ, શ્રી જયેશભાઈ રાજા, શ્રી સુરેશભાઈ વસાણી, શ્રી માનવભાઈ બુધ્ધદેવ, ડૉ. નંદકિશોરભાઈ લોહાણા, કરણ દાવડા તથા અન્ય સામાજીક શ્રેષ્ઠીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

૨૨-૧-૧૮ સોમવારે શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિના અંતર્ગત વૃક્ષો વાવો, ધરતી બચાવો અભિયાનમાં (વિદર્ભ સહ મધ્યભારત) પર્યાવરણ સમિતિ દ્વારા માતા મંદિર પ્રાંગણ પાસે, લાલગંજ, નાગપુરમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ જેમાં શ્રી પ્રફુલભાઈ રાજા, શ્રી અનિલભાઈ અઢિયા, શ્રીમતી મીનલ ઉમેશભાઈ ઠક્કર, અનાઈતા ઠક્કર અને રૂશાલ ઠક્કર અને સ્થાનિય રહેવાસીઓએ સાથ અને સહકાર આપી પર્યાવરણ પ્રત્યે નિષ્ઠા દ્વારા સહયોગ કર્યો હતો.

તા. ૨૨-૧-૧૮ ના રોજ સમસ્ત રઘુવંશી પરિવારના આરાધ્ય દેવ શ્રી વીર દાદા જશરાજની પુણ્યતિથિ નિમિત્તે રઘુવંશી પરિવાર રાજકોટ દ્વારા આયોજિત, સમસ્ત લોહાણા જ્ઞાતિ મહાપ્રસાદમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર વિભાગ દ્વારા વૃક્ષોના રોપાનું વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં માતૃસંસ્થા વતી પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મહાપરિષદના સંયુક્ત મંત્રી શ્રી રઘુવીરભાઈ ગઢિયા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે મહાપરિષદના ટ્રસ્ટી શ્રી નીતીનભાઈ રાયચુરા, રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ અને મહાપરિષદના સંયુક્ત મંત્રી શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી, મહાપરિષદ સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણા, રઘુવંશી પરિવારના શ્રી હસુભાઈ ભગદેવ, શ્રી પ્રતાપભાઈ કોટક, મનીષાબેન ભગદેવ, પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ ઠક્કર, સૌરાષ્ટ્ર વિભાગના મંત્રી તૃપ્તિબેન રાજવીર, રાષ્ટ્રીય સભ્ય શ્રીમતી સોનલબેન વસાણી, રવિરાજભાઈ ઠક્કર તથા




જયભાઈ ઘેલાણીએ પણ હાજરી આપી. સૌરાષ્ટ્ર વિભાગના શરદભાઈ વિઠલાણી, રાહુલભાઈ લાલ, બિંદીયાબેન અમલાણી, રશ્મિબેન માણેક, વિજયાબેન કટારીયા, સુરેશભાઈ કટારીયા, ચેતનાબેન ભીંડોરા, હંસાબેન લાલ, નમ્રતાબેન સેતા, ધારાબેન કોટક, જાગૃતિબેન ખીમાણી, નિશિતભાઈ જીવરાજાની, કમલાબેન ભાગ્યોદય, પ્રદીપભાઈ ભાગ્યોદય, નિશાબેન જોબનપુત્રા, ગીરીશભાઈ ચંદારાણા, સોનલબેન જોબનપુત્રા, વિશાલભાઈ રાચ્છ, હર્ષદભાઈ કોટેચા, ઉષાબેન કતિરા તથા હેમલબેન તન્નાનો ઉત્સાહ વધાર્યો હતો.

૨૭-૧-૧૮ના રોજ નાગપુરના લામ્બા સેલિબ્રેશન હોલ ખાતે પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી ભરતભાઈ દનાણી (મુંબઈ), કિશનભાઈ મિરાણી (રાયપુર), શ્રી નરેન્દ્રભાઈ દાવડા, નિલેશભાઈ ગઢિયા, કમલેશભાઈ વસાણી, ચંદ્રકાન્તભાઈ પોપટ, સુરેશભાઈ વસાણી, રાહુલભાઈ કક્કડ, શ્રી રાજેશભાઈ વસાણી, શ્રી વસંતભાઈ પોપટ, શ્રી નિલેશભાઈ ઠક્કર, શ્રી જયેશભાઈ રાજા, શ્રી પ્રફુલભાઈ રાજા તથા શ્રી હરીશભાઈ સુચક હાજર રહેલ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા પર્યાવરણ સમિતિના સભ્યોને તેમની વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે અભિનંદન પાઠવવામાં આવેલ.




# નિબંધ સ્પર્ધા



શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિ દ્વારા "પાણી બચાવો, જીવન બચાવો...." અભિયાનના ભાગ રૂપે ગત વર્ષે "પાણી બચાવો... જીવન બચાવો" વિષય પર આંતરરાષ્ટ્રીય નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલ. લોક જાગૃતિ તથા આપણા સમાજમાં પર્યાવરણ સંરક્ષણ એક સાંસ્કૃતિક પરંપરા બને અને આપણે સૌ પ્રકૃતિની અમૂલ્ય ભેટ પાણીનું જતન કરીએ આપણા માટે અને આવનારી પેઢીઓ માટે આ લક્ષ્યને ધ્યાનમાં લઈને આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આંતરરાષ્ટ્રીય નિબંધ સ્પર્ધામાં ૮ એપ્રિલ, ૨૦૧૭ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ સુધી એન્ટ્રી સ્વીકારવામાં આવેલ. આ પ્રતિયોગિતામાં વિજેતાઓની યાદી નીચે પ્રમાણે છે.

(૧) મનહરભાઈ રાજાણી - જામનગર (૨) શ્રી હસમુખભાઈ રાણા - રાયપુર (છત્તીસગઢ), (૩) શ્રી રાજેશભાઈ ઠક્કર - ઈંદોર (મધ્યપ્રદેશ), (૪) શ્રી લીના ભરતકુમાર ઠક્કર - કોઈમ્બતુર (તમિલનાડુ), (૫) શ્રીમતી રાખી બી. સૂચક - તીરુપુર (તમિલનાડુ), (૬) શ્રી પવન આર. માણેક - રાજકોટ (૭) શ્રી ભક્તિ ભાવેશ મિરાણી - થાણે પશ્ચિમ (૭) શ્રી દેવરાજ વસાણી - દિલ્હી (૮) શ્રી ધિમિક એન. ઠક્કર - રાધનપુર (૯) શ્રી હર્ષા એલ. ઠક્કર - ભુજ (૧૦) શ્રી તેજસ રમેશચંદ્ર ઠક્કર - અમદાવાદ.

# શાબાશ રઘુવંશી

## વડીલ વંદના... અભિનંદનીય રઘુવંશી મુરબ્બી રમણકાકા



સામાજિક સંસ્થાઓને ચેતનવંતી રાખવામાં વડીલોનું સમર્પણ અને હૂંફ ખૂબ અગત્યની ભૂમિકા ભજવે છે. દરેક ગામ કે પ્રદેશમાં આ પ્રકારના વડીલોનું કોઈપણ પ્રકારની પ્રસિધ્ધિ કે નામની ઘેલછા વગરનું નેતૃત્વ સમાજ માટે આશીર્વાદરૂપ હોય છે. વડીલો તેમનો અનુભવ, પારદર્શક વહીવટ અને નૈતિક મૂલ્યોનું ભાથુ યુવા પેઢીને કેળવણીરૂપે આપી સમાજની મૂક સેવા કરતા હોય છે. આ પ્રકારના વ્યક્તિત્વને સમયાંતરે શ્રી રઘુકુળ વિશ્વના માધ્યમથી પ્રકાશિત કરી વડીલવંદના કરતા રહીશું.

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના વિવિધ જ્ઞાતિઓના જોહુકમીવાળા કનીજ ગામે તારીખ ૪-૧૨-૧૯૨૮ના રોજ ગામના શેઠ ગણાતા શ્રી ફુલચંદભાઈ હીરાચંદભાઈના પરિવારમાં મુરબ્બી રમણકાકાનો જન્મ થયો. આ પરિવારની ભવ્ય ભૂતકાળની અનેક ગૌરવશાળી વાતો છે. રમણકાકાના નાના ભાઈ રતિભાઈ ગામના અને લોહાણા સમાજના પ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા. રમણકાકાના અભ્યાસકાળથી જ આઝાદીની લડતના રંગે રંગાયેલા હતા અને યુવાન નેતા તરીકે શાળામાં ઉપસી આવ્યા હતા. ગામ, તાલુકા, જીલ્લા અને પ્રદેશ સ્તર સુધી તેમણે તે સમયે કોંગ્રેસના વિવિધ હોદ્દાઓ ભોગવ્યા અને ગરીબોના હમદર્દ બન્યા. એ સમયના આગેવાનોએ પણ રમણકાકાની આગવી કાર્યશક્તિને વેગ આપ્યો હતો. વેસ્ટર્ન રેલવેના વડોદરા ડિવિઝનના યાત્રીઓની સવલતો વધારવા તેમણે વડોદરાથી દિલ્હી સુધી રજુઆતો ઉકેલી. લોકસમસ્યાઓને વાચા આપવા અને લોકમત કેળવવા ગુજરાતના ખ્યાતનામ તમામ અખબારોમાં તેમણે લખ્યું છે... કનીજ જેવા તેજીલા ગામમાં ફુલાબાપાના પરિવારની આગવી ચાહના હતી એટલે વરસો સુધી રમણકાકા ગામના સરપંચ રહેલા. ગામની કોમી એકતા જાળવી રાખનાર રમણકાકા માટે સમગ્ર કનીજ ગામમાં આદર હતો. ૧૯૩૧માં ઉદગમ પામેલ દેશી લોહાણા વિદ્યાર્થી ભવન, કાંકરિયા, અમદાવાદમાં માનદમંત્રી બન્યા બાદ છેલ્લા ૫૦ વરસોથી નીડર પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી સંસ્થાની વિશિષ્ટ પ્રગતિ અને વિકાસ કરેલ છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ અને માનનીય નરેન્દ્રભાઈ મોદી પણ આ સંસ્થાની મુલાકાત લઈ ચૂક્યા છે અને રમણકાકાને અઢળક અભિનંદન પાઠવેલા છે. રમણકાકાના પાંચ દીકરા અને એક દીકરી અમેરિકામાં સ્થાયી થયેલ છે અને ખૂબ જ પ્રગતિ કરેલ છે. ૯૧ વરસની ઉંમરે પણ રમણકાકા આગવી કૂનેહ અને સ્ફૂર્તિથી રોજના ૧૬ કલાક કામ કરીને વંદન અને અભિનંદનના અધિકારી બન્યા છે. રઘુવંશી લોહાણા સમાજનું સેવાકીય ગૌરવ એવા આદરણીય શ્રી રમણકાકાને તેમના જીવનકાર્ય માટે અઢળક અભિનંદન સાથે ખૂબ ખૂબ ખૂબ શુભેચ્છાઓ. તાજેતરમાં સિધ્ધપુર મુકામે લોહાણા મહાપરિષદના માધ્યમથી પણ તેમનું એવોર્ડ એનાયત કરી સન્માન કરાયું હતું...

ભગવાનભાઈ બંધુ ડીસાના બાપા સીતારામ, જય જલારામ....

વિસનગર નિવાસી શ્રી રસિકલાલ ઈશ્વરલાલ ઠક્કરના સુપુત્ર ચિ. જય ઠક્કરે ગાંધીનગર સ્થિત પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (પી.ડી.પી.યુ.)માં ૪ વરસનો પેટ્રોલિયમ એન્જિનિયરીંગનો બી.ટેક.નો અભ્યાસ પૂર્ણ કરીને ઓ.એન.જી.સી., બોમ્બે (હાઈ)માં આસિસ્ટન્ટ એક્ઝિક્યુટીવ એન્જિનિયર તરીકે જોબ મેળવીને કુટુંબ અને સમાજનું ગૌરવ વધારેલ છે તે બદલ માતૃસંસ્થાનાં ખૂબ ખૂબ અભિનંદન....



# સંસ્થા સમાચાર

**જુનાગઢ**

તા.૧૩મી જાન્યુઆરીએ પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બપોરે ૪ થી ૮ વાગ્યા સુધી શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીના સીધા માર્ગદર્શન નીચે જુનાગડમાં વસતા જરૂરિયાતમંદ સિનિયર સીટીઝનોને ઉત્તરાયણના તહેવાર સારી રીતે ઉજવી શકે તેવા ઉમદા હેતુથી ૫૦થી ૬૦ કીટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ જેમાં પાંચ કિલો ઘઉં, ખીચડી, ચોખા, ચણાદાળ, ગોળ, ખાંડ, મમરાનીથેલી, તલ-મમરાનાં લાડુ, ગાંઠીયા, બિસ્કીટ જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓ તથા એક-એક સાડીનું વિતરણ કરવામાં આવેલ. તા.૨૧મી જાન્યુઆરીએ સંસ્થા દ્વારા હાયર એજ્યુકેટેડ યુવક-યુવતીઓ માટે ગેટ ટુ ગેધરનો પ્રોગ્રામ રાખેલ હતો.

**સંકલન : શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી**

**અમદાવાદ**

શ્રી લોહાણા કન્યા છાત્રાલય, અમદાવાદના ઉપક્રમે સ્વ.નટવરલાલ પ્રાણજીવનદાસ પોપટ અને રમાબેન કાંતિલાલ ઠક્કરની સ્મૃતિમાં આંતર છાત્રાલય વક્તૃત્વ સ્પર્ધાનું તા. ૩૧-૧૨-૨૦૧૭ ને રવિવારના રોજ આયોજન કરવામાં આવેલ હતું. આ વર્ષે ગુજરાતની તેમજ મુંબઈની મળીને કુલ ૨૨ લોહાણા કન્યા છાત્રાલયો પૈકી બાજવા, પાટણ, રાપર, માંડવી, જામખંભાળિયા, અમદાવાદ, વલ્લભવિદ્યાનગર, ઉત્તર ગુજરાત દેશી કન્યા છાત્રાલય સહિત કુલ ૮ છાત્રાલયોની ૨૦ બાળાઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. રાષ્ટ્રગીત બાદ અમદાવાદ કન્યા છાત્રાલયની બાળાઓ તરફથી પ્રાર્થના વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી ત્યારબાદ બાળાઓ દ્વારા છાત્રાલયનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું સ્વાગત અને પરિચય સંસ્થાના મંત્રી શ્રી અમૃતભાઈ ઠક્કર તરફથી કરવામાં આવેલ ભારતીય સંસ્કૃતિ અનુસાર ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી શ્રી કે.આઈ. ઠક્કર, શ્રી કનુભાઈ ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર દ્વારા સ્વાગત કરવામાં આવેલ. વક્તૃત્વ સ્પર્ધાનો વિષય હતો : "આ સભા માને છે કે આજનું શિક્ષણ જીવનલક્ષી ને બદલે વ્યવસાયલક્ષી બની ગયું છે" સ્કૂલ કક્ષાએ શ્રી લોહાણા કન્યા છાત્રાલય - માંડવી વિજેતા થયેલ જેમાં ઠક્કર શ્રધ્ધા કિર્તીભાઈ, જીજ્ઞા કરશનભાઈ વ્યક્તિગત શિલ્ડ વિજેતા સચદેવ ધામી મણીલાલ (જામખંભાળિયા), ઠક્કર શ્રધ્ધા કિર્તીભાઈ (માંડવી), ઠકરાર વિધિ ચેતનભાઈ (અમદાવાદ) કોલેજ કક્ષાએ વિજેતા શ્રી લોહાણા કન્યા છાત્રાલય - અમદાવાદ થઈ હતી જેમાં સ્પર્ધકો : ઠક્કર વિધિ સુરેશભાઈ, ઠક્કર ધ્વનિ સંજયભાઈ વ્યક્તિગત શિલ્ડ વિજેતા ઠક્કર વિધિ સુરેશભાઈ (અમદાવાદ), ઠક્કર ધ્વનિ સંજયભાઈ (અમદાવાદ), દતા હીરવા સુધીરભાઈ (વિદ્યાનગર).શ્રી ધીરુભાઈ પોપટ તથા શ્રી કે.આઈ. ઠક્કર પ્રમુખ તરફથી ટ્રોફી ૧ કન્યા છાત્રાલય માંડવી (૨) કન્યા છાત્રાલય અમદાવાદને એનાયત કરવામાં આવેલ તેમજ પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતા બહેનોને સ્મૃતિભેટ તરીકે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. બાળાઓને પ્રોત્સાહન રૂપે રૂા. ૨૦૦ અમદાવાદ કન્યા છાત્રાલય તરફથી આપવામાં આવેલ ઉપરાંત શ્રી સરલાબેન ઠક્કર તરફથી અમદાવાદની વિજેતા બાળાઓને રૂા. ૫૦૦ પ્રોત્સાહનરૂપે આપવામાં આવેલ.

**કલકત્તા**

રઘુવંશી ફોરમ, રઘુવંશી મહિલા ફોરમ, રઘુવંશી ફોરમ યુથ વિંગ અને બાળ સંસ્કાર કેન્દ્ર દ્વારા તેમના સભ્યો માટે ગત તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ એસ.એસ. ગાર્ડન, મધ્યમગ્રામ ખાતે ભવ્ય પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૮૩ વર્ષના વડીલોથી માંડીને ૩ વર્ષના નાના ભૂલકાંઓથી સુધી આશરે ૨૫૦થી વધુ સભ્યો, તેમના પરિવારજનો અને મિત્રો સહિત જોડાયા હતા. ફોરમના સચિવો મિનેશભાઈ ઠકરાર અને સંજયભાઈ ચંદારાણા દ્વારા પિકનીકને લગતી દરેક માહિતીઓનું સંકલન કરીને પીકનીકનું જીએસટી બેસ્ડ બ્રોશરનો ઉપયોગ કરી બનાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ ૪ બસ અને ૭ વાહનોમાં ગોઠવાઈને લગભગ ૭.૩૦ વાગ્યે સહુ પીકનીક સ્પોટ જવા માટે રવાના થયા હતા. લગભગ ૧૧ વાગ્યે રઘુવંશી ગીતના ગુંજન સાથે પીકનીકનો પ્રારંભ થયો હતો. આ અવસરે રઘુવંશી ફોરમના સ્થાપકો હીરાલાલભાઈ અને જ્યોતિબેન રાજા, પુરૂષોત્તમભાઈ અને કોકિલાબેન પારેખ, રાજેશભાઈ અને સારિકાબેન સરૈયા, રઘુવંશી ફોરમના પ્રમુખ કિશોરભાઈ અને ક્રિષ્નાબેન દત્તાણી, ઉપપ્રમુખ દીપકભાઈ અને કવિતાબેન કોટેચા, રઘુવંશી ફોરમ યુથ વિંગના પ્રમુખ અમિતભાઈ પોપટ, રઘુવંશી ફોરમના પેટ્રન સભ્યો, સંજયભાઈ બદિયાણી અને પરાગભાઈ બુવારિયા સહિત રઘુવંશી ફોરમ, રઘુવંશી મહિલા ફોરમ, રઘુવંશી ફોરમ યુથ વિંગના તમામ સમિતિ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી શ્રી પુરૂષોત્તમભાઈ પારેખે પિકનિકમાં ઉપસ્થિત દરેકને અભિનંદન આપ્યા અને સાથે આવી સુંદર પિકનિકનું આયોજન કરવા બદલ સમગ્ર રઘુવંશી ફોરમ, રઘુવંશી મહિલા ફોરમ, રઘુવંશી ફોરમ યુથ વિંગ, રઘુવંશી ફોરમ, રઘુવંશી મહિલા ફોરમ, રઘુવંશી ફોરમ યુથ વિંગ ટીમને તાળીઓના ગડગડાટથી વધાવ્યા હતા.

પિકનિકમાં એક આકર્ષક ફોટો બૂથ તૈયાર કરવામાં આવ્યું હતું જેમાં ફોટો પડાવી સહુએ યાદી એકઠી કરી હતી. અંતમાં દેવયાની પોપટ અને રિશીભાઈ ઓંધિયાનું સ્કોરિંગ માટે તથા શ્વેતાબેન પૂજારા અને મિત્તલબેન સોમૈયાનું બાળ સંસ્કાર કેન્દ્રના બાળકોને ગેમ્સ રમાડવા માટે બહુમાન કરવામાં આવ્યું હતું. અંતમાં અલ્પાહારનો આસ્વાદ લઈ સહુ પાછા ફરવા બસોમાં ગોઠવાયા હતા અને લગભગ ૭.૩૦ વાગ્યે શ્રી કલકત્તા ગુજરાતી સમાજ પહોંચીને છૂટા પડ્યા હતા.

**સંકલન : કિશોરભાઈ દત્તાણી**

**સુરજ કરાડી**

રઘુવંશી સેવા સમાજ સુરજકરાડી - મીઠાપુર દ્વારા વિર દાદા જશરાજની પૂણ્યતિથિના દિવસે તા. ૨૨-૧-૨૦૧૮ના રોજ જલારામ બાપાના મંદિરે સમૂહ પ્રસાદ (નાત)નું આયોજન કરવામાં આવેલ તેમજ ધો.૧૦ તથા ધો.૧૨ના વિદ્યાર્થીઓને સન્માનિત કરી સૌ તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને સૌ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

**નરા - કચ્છ (વોણાર)** તા. ૩૧-૧-૨૦૧૮ને બુધવાર સવારે ૧૧ કલાકે શ્રી "માઁ" ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગૌશાળા જીવદયા કેન્દ્ર નરા - કચ્છ (વોણાર), દયાપર હાજીપીર રોડ, તા. લખપત, જી. કચ્છ ખાતે ગૌશાળા લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાગવતાચાર્ય પ.પૂ.શ્રી શરદભાઈ વ્યાસ, વત્સલ માતાજી પ.પૂ.માઁ ચંદુમા (ગઢશીશા), પ.પૂ.સંતશ્રી મેઘરાજદાદા ખાનાઈ જાગીર, પૂ.સંતશ્રી હરીસીંગજીદાદા - ગુનેરી, બ્રહ્મચારી શ્રી આનંદલાલજી મહારાજ - નારાયણ સરોવર જાગીર વગેરે સંતો મહંતોએ આશીર્વચન પાઠવ્યા હતા.

**રાજકોટ** રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી, રાજકોટનો ૧૪મો પ્રતિભા સન્માન સમારંભ તાજેતરમાં યોજાઈ ગયો. સંસ્થાના ટ્રસ્ટી શ્રી જયંતભાઈ પાંઉએ સર્વનું સ્વાગત કરેલ. પ્રમુખશ્રી રમણભાઈ કોટકે કાર્યક્રમની વિગત આપેલ તેમજ સંસ્થાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ આપેલ. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રફુલભાઈ ચંદારાણાએ જણાવેલ કે આજે ૮૫૫ રઘુવંશી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રથમ ભાગનું સંચાલન શ્રી અમિતભાઈ કોટક દ્વારા તેમજ બીજા ભાગનું શ્રી મનોજભાઈ તન્ના દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે મહાજન પ્રમુખશ્રી તેમજ સંસ્થાના ટ્રસ્ટી શ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી કિરીટભાઈ ગંગદેવ (ઉપપ્રમુખ શ્રી અખિલ ગુજરાત લોહાણા સમાજ), શ્રી યોગેશભાઈ પુજારા - પ્રમુખ શ્રી અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના - રાજકોટ, શ્રી પ્રણવભાઈ ઉનડકટ, શ્રી મનુભાઈ મહેતા, શ્રી ભરતભાઈ દ્રોણ, શ્રી જી.આર. રાચ્છ સાહેબ, શ્રી કુંદનબેન સેતા, શ્રી સુરેશભાઈ કાથરાણી, શ્રી ધનેશા સાહેબ, શ્રી મનિષભાઈ સોનપાલ, શ્રી જ્યોતિબેન પોપટ વગેરે ઉપસ્થિત રહી બાળકોને શુભેચ્છા પાઠવેલ. સમારંભને સફળ બનાવવા શ્રી હસુભાઈ પાવાગડી, શ્રી જીજ્ઞેશભાઈ માખેચા, શ્રી નાનુભાઈ ગંધા, શ્રી કિરીટભાઈ કુંડલીયા, શ્રી ભરતભાઈ મિરાણી, શ્રી વિરેન્દ્ર વસંત, સંગીતાબેન કોટક, સ્મિત કોટક, હેત્વી કોટક, પ્રેક્ષા કોટક, વંશ પાંઉ વગેરેએ જહેમત ઉઠાવેલ. પ્રોજેક્ટ ચેરમેન શ્રી એમ.એલ. નથવાણીએ આભારદર્શન કરેલ. દરેક વિદ્યાર્થીને નાસ્તો શ્રી કાશ્મીરાબેન નથવાણી તરફથી તેમજ કેરીબેગ સંસ્થા તરફથી આપવામાં આવેલ. સમારંભમાં પાંચ પ્રકારના મોમેન્ટોનું વિતરણ કરવામાં આવેલ. દરેક ધોરણમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓના ફોટાનું બેનર બનાવવામાં આવેલ. શરૂઆતથી અંત સુધી વિશાળ સમુદાય હાજર રહેલ. સંસ્થાની કાયમી પ્રણાલી મુજબ કાર્યક્રમ સમયસર શરૂ થયો હતો અને પૂરો થયેલ.

સંકલન : રમણભાઈ કોટક

**વિદ્યાનગર** વિદ્યાધામ વલ્લભ વિદ્યાનગરમાં લોહાણા જ્ઞાતિના ગૌરવરૂપ અદ્યતન સુવિધા સાથેની ભારતભરમાં ખ્યાતિ પ્રાપ્ત, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા શ્રેષ્ઠ છાત્રાલયનો એવોર્ડ પ્રાપ્ત શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવનમાં દર વર્ષની જેમ ગત તા. ૨૪-૧૨-૨૦૧૭ના રોજ શ્રી ધીરેન કાન્તીલાલ ઠક્કર આંતર છાત્રાલય રાષ્ટ્રકક્ષાની બારમી વકતૃત્વ સ્પર્ધા મુકતજીવન એજ્યુકેશન કેમ્પસના સંચાલક અને શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી શ્રી હરિશભાઈ ઠક્કરના મુખ્ય મહેમાન પદે તેમજ શ્રી કે.આઈ. ઠક્કર, પ્રમુખ શ્રી હસમુખભાઈ કારીયા, ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઈ ઠક્કર, મંત્રી શ્રી પ્રોફે. ચંદ્રકાન્તભાઈ તન્ના, ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ રાયચા, શ્રી કાંતિભાઈ સાદરાણી, પ્રદિપભાઈ ઠક્કર તથા હોદેદારોના સાનિધ્યમાં ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થઈ. કાર્યક્રમની શરૂઆત વૈભવ ઠક્કર દ્વારા પ્રાર્થનાથી થયા બાદ સંસ્થાના માનદ મંત્રી પ્રોફે. ચંદ્રકાન્ત તન્નાએ સૌ મહેમાનો અને સ્પર્ધકોને આવકારી સ્પર્ધાના વિષય પસંદગીથી માંડીને નિયમો અંગે વિસ્તૃત માહિતી આપી હતી તથા નિર્ણાયકશ્રીઓ ડૉ. કમલ ચક્રવર્તી, પ્રોફે. ડો. નિશાંત જોષી તેમજ પ્રોફે. ડો.ભાસ્કર પંડ્યાનો પરિચય આપ્યો હતો. વકતૃત્વ સ્પર્ધાનો વિષય હતો : 'પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિમાં શિક્ષણ વહેંચાવાને બદલે વેચાઈ રહ્યું છે". સમગ્ર ભારતની લોહાણા છાત્રાલયો જેવી કે મુંબઈ (મીરારોડ), વલ્લભ વિદ્યાનગર, જુનાગઢ, ભાવનગર, પાટણ, રાજકોટ વગેરે છાત્રાલયોમાંથી આવેલ બે સ્પર્ધકો પૈકી એક સ્પર્ધક વિષયની તરફેણમાં અને બીજાએ વિરુદ્ધમાં ચોટદાર રજુઆતો કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા તેમજ નિર્ણાયકોને ગુણ દ્વારા ક્રમ આપવા દ્વિધામાં મૂકી દીધા હતા.

સ્પર્ધાના અંતે શ્રી કે.આઈ. ઠક્કર, શ્રી હરિશભાઈ ઠક્કર, શ્રી હસમુખભાઈ કારીયા, શ્રી મહેન્દ્રભાઈ રાઈચા, શ્રી કાન્તિભાઈ સાદરાણી, પ્રોફે. ચંદ્રકાન્ત તન્ના વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિષયના પરિપ્રેક્ષમાં પોતાના વિચારો રજૂ કર્યા. અંતમાં નિર્ણાયકો દ્વારા પણ પોતાના અભિપ્રાયો રજુ થયા બાદ પ્રથમ ક્રમાંકે વલ્લભ વિદ્યાનગરના શ્રી નીરવ ઠક્કર, દ્વિતીય ક્રમે રાજકોટના બ્રીજ ઠક્કર તથા વલ્લભ વિદ્યાનગરના જય ચંદારાણા અને તૃતીય ક્રમે મુંબઈ (મીરા રોડ)ના શ્યામ તન્નાને અનુક્રમે રૂા. ૧૫૦૦/-, રૂા. ૧૦૦૦/-, રૂા. ૭૫૦/- મહેમાનોના હસ્તે એનાયત તયા તથા દરેક ભાગ લેનાર સ્પર્ધકોને પ્રોત્સાહિત રૂપે શ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા એક કેલક્યુલેટર આપવામાં આવ્યા હતા. શ્રી હરીશભાઈ ઠક્કરે સંસ્થાને રૂા. ૧૧૦૦૦/- તેમજ શ્રી કે.આઈ. ઠક્કર દ્વારા પણ રૂા. ૧૧૦૦૦/-નું દાન જાહેર કરવામાં આવ્યું હતું. રોકડ ઈનામના દાતા શ્રી હરીશભાઈ ઠક્કર તથા શ્રી કે.આઈ. ઠક્કરનો માનદ મંત્રી શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમના આયોજન અને તૈયારીમાં માનદમંત્રી શ્રી ચંદ્રકાન્ત તન્નાની માર્ગદર્શક ભૂમિકા રહી. કાર્યક્રમને સફળ બનાવવા ગૃહપતિ શ્રી દિલીપભાઈ દૈયા, ઉપ.ગૃહપતિ હિતેશભાઈ ધોકાઈ તેમજ વિદ્યાર્થીઓ રાહુલ ચોથાણી, જય પોપટ, ચિંતન રાયઠઠ્ઠા, વૈભવ ઠક્કર, ધ્યેય દત્તાણી વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રોફે. ઉત્પલ ગણાત્રા, ધવલ ગોકાણીએ ઉપસ્થિત રહી જૂની યાદો તાજી કરી હતી. કાર્યક્રમનું સંચાલન કિશન કાનાબારએ સુંદર રીતે કરેલું હતું જ્યારે આખરે આભારવિધિ ગૃહપતિ શ્રી દિલીપભાઈ કરી હતી.

સંકલન : ચંદ્રકાન્ત તન્ના

**માધાપર** શ્રી હરિ શાંતિનિકેતન ટ્રસ્ટ દ્વારા તા. ૨૧-૧-૨૦૧૮ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સોનીવાડી, પોલીસ ચોકી પાછળ, નવાવાસ - માધાપર, તા. ભુજ. જી. કચ્છ ખાતે શ્રી હરિ શાંતિનિકેતન ટ્રસ્ટ - માધાપર સંચાલિત વયસ્ક વિશ્રામ સ્થાનના પ્રથમ માળે ૨૦ નવા રૂમો લીફ્ટ સાથેની સુવિધાનું વિસ્તરણ કાર્ય પૂર્ણ કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિસ્તરણ પ્રોજેક્ટથી ૬૫ જેટલા આપણા વડીલોને આશ્રય આપવાનું શક્ય બનશે.

**વિદ્યાનગર**

વિદ્યાનગર : શ્રી લોહાણા કન્યા છાત્રાલય અમદાવાદ દ્વારા ગત તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ શ્રી ધનવાનભાઈ કોટકના મુખ્ય મહેમાન પદે તેમજ ઈમેજ કોલેજના ડિરેક્ટર શ્રી મહેન્દ્રભાઈ ઠક્કરના અતિથિ વિશેષ પદે તેમજ પ્રમુખ શ્રી કે.આઈ. ઠક્કરના અધ્યક્ષ સ્થાને અને ટ્રસ્ટીઓ તેમજ જ્ઞાતિ શ્રેષ્ઠીઓના સાનિધ્યમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થયા બાદ મંત્રી શ્રી અમૃતભાઈ ઠક્કરે સૌને આવકારી સ્પર્ધા તેમજ વિષયની માહિતી આપી. બાજવા, પાટણ, રાપર, માંડવી, જામખંભાળીયા, અમદાવાદ અને વિદ્યાનગર જેવી કન્યા છાત્રાલયોમાંથી ભાગ લીધેલી દિકરીઓ માટે વિષય હતો : "આજનું શિક્ષણ જીવનલક્ષી ને બદલે વ્યવસાયલક્ષી બની ગયું છે." સ્કૂલ કક્ષાએ પ્રથમ ધામી એમ. સચદેવ - જામખંભાળીયા, દ્વિતિય શ્રધ્ધા કિર્તિભાઈ ઠક્કર - માંડવી તેમજ વિધિ સી. ઠકરાર તૃતીય રહ્યા જ્યારે ચેમ્પિયન ટ્રોફી માંડવી કન્યા છાત્રાલયને મળી. એવી જ રીતે કોલેજ કક્ષાએ પ્રથમ વિધિ એસ. ઠક્કર - અમદાવાદ, દ્વિતિય પણ અમદાવાદની ધ્વનિ એસ. ઠક્કર અને વિદ્યાનગરની હિરવા એસ. દત્તા તૃતિય રહ્યા જ્યારે શિલ્ડ અમદાવાદ કન્યા છાત્રાલયે પ્રાપ્ત કરી વિજય પ્રાપ્ત કર્યો.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી મુકેશભાઈ ઠક્કર, શ્રી ધીરૂભાઈ પોપટ, શ્રી મહેન્દ્રભાઈ ઠક્કર, શ્રી કે.આઈ. ઠક્કર તેમજ અમેરિકાથી પધારેલા પ્રોફે. ડૉ. કેતુલ પોપટે પ્રસંગોચિત વક્તવ્ય આપી દિકરીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ તરફથી ૧,૫૧,૦૦૦/-, ધનવાનભાઈ તરફથી ૨૧,૦૦૦/- શ્રી ઘનશ્યામભાઈ તરફથી ૧૫,૦૦૦/-, શ્રી પ્રવિણભાઈ ઠક્કર (આણંદ) તરફથી ૧૧,૦૦૦/-, કે.આઈ. ઠક્કર ૧૧,૦૦૦/-, ધીરૂભાઈ ૧૧,૦૦૦/- ગુલાબ સીંગતેલવાળા મુકેશભાઈ તરફથી ૧૧,૦૦૦/- સંસ્થાને ભેટરૂપે જાહેર થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રિધ્ધિ, શિવાની તેમજ રીયા ઠક્કર દ્વારા કરવામાં આવ્યું જ્યારે આભારવિધિ ટ્રસ્ટી શ્રી કે.પી. ઠક્કરે કરી હતી.

સંકલન : ચંદ્રકાન્ત તન્ના

**કલ્યાણ**

કલ્યાણ અને કોનમાં વસતા સમસ્ત લોહાણા જ્ઞાતિના યુવકોના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ "શ્રી કલ્યાણ લોહાણા મહાજન યુવા સમિતિ દ્વારા યુવા પ્રતિભાઓને ઉજાગર કરવાના હેતુથી છેલ્લા ૧૨ વર્ષોથી "રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ"નું સફળ આયોજન કરવામાં આવે છે. તા. ૨૧-૧-૨૦૧૮ના સુભાષ મેદાન, કલ્યાણ ખાતે યોજાયેલ ટુર્નામેન્ટમાં શ્રીજી ૧૧, રામા ૧૧, જય દુર્ગામાતા ૧૧, યુથ ૧૧, સુચક ૧૧, શ્રીગણેશ ૧૧ અને બાપા દયાળુ ૧૧ એમ કુલ ૭ રઘુવંશી રમતવીરોની ટીમે ભાગ લીધો હતો. રસાકસીભરી ટુર્નામેન્ટમાં યુથ ૧૧ની ટીમ વિજયી બની હતી. જ્યારે રામા ૧૧ની ટીમ ઉપવિજેતા બની હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં બેસ્ટ બેટ્સમેન - ભાવિક રૂપારેલીયા, બેસ્ટ બોલર - ઉમંગ મણિયાર, બેસ્ટ ઓલરાઉન્ડર - ભાવિક અમલાણી, મેન ઓફ ધ મેચ - વિનિત સોમૈયાને રોકડ ઈનામો અને સ્મૃતિચિન્હ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ટુર્નામેન્ટની શરૂઆતમાં સવારે દીપ પ્રાગટ્ય પૂજન અને ઉદ્ઘાટન મહાજન પ્રમુખ શઅરી જયેશભાઈ કારીયા, સહમંત્રીઓ શ્રી વિરેન્દ્રભાઈ પોપટ તથા શ્રી બિરેનભાઈ ઠક્કર, યુવા ચેરમેન શ્રી યોગેશભાઈ સૂચક અને યુવા પ્રમુખ શ્રી વિવેકભાઈ ખટાઉ અને અન્ય સભ્યોના શુભ હસ્તે કરવામાં આવ્યું. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખજાનચી શ્રી નિતીનભાઈ પાંધી અને સહમંત્રી શ્રી ભાવેશભાઈ મીરાણીએ સવિશેષ ઉપસ્થિત રહી સર્વે યુવા આયોજકો અને રમતવીરોને બિરદાવ્યા હતા. સાંજના સમયે ટુર્નામેન્ટની સમાપ્તિ પછી ઈનામ વિતરણ અને સમાપન વિધિ થઈ હતી. ટુર્નામેન્ટના સફળ અને સુચારૂ આયોજન માટે યુવા પ્રમુખ શ્રી વિવેકભાઈ ખટાઉની રાહબરી હેઠળ પ્રોજેક્ટ ચેરમેન ધવલ સૂચક, યશ સેજપાલ, ભાવિક રાજાણી, દર્શન પૌરાણા, સિધ્ધાર્થ કારિયા વગેરેએ વિશિષ્ટ જહેમત ઉઠાવી હતી.

**રાજકોટ**

શ્રી લોહાણા યુવક પ્રગતિ મંડળ રાજકોટના ઉપક્રમે તા. ૪-૩-૨૦૧૮ને રવિવારના રોજ રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે ૫૧મા સમૂહ લગ્ન અને યજ્ઞોપવિત સમારોહ તથા રક્તદાન શિબિર અને થેલેસેમિયા પરીક્ષણ કેમ્પનું વિશાળ આયોજન કરવામાં આવનાર છે. જેમાં સ્વ.પ્રતાપભાઈ મથુરદાસ રાજદેવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટ, માતૃશ્રી વિમલાબેન રાજદેવ તથા સમગ્ર રાજદેવ પરિવાર રાજકોટ મુખ્ય દાતાશ્રી તરીકે યોગદાન આપ્યું હતું. જેમાં શ્રી રાજકોટ લોહાણા મહાજનના પ્રમુક શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી તથા સર્વે હોદ્દેદારોની ટીમ ઉપસ્થિત રહી હતી. ઉપરોક્ત સમૂહ લગ્ન તથા યજ્ઞોપવિત અને રક્તદાન શિબિર અને થેલેસેમિયા પરીક્ષણમાં ભાગ લેવા ઈચ્છતા સભ્ય પરિવારોએ શ્રી લોહાણા યુવક પ્રગતિ મંડળ રાજકોટના કાર્યાલય સાંગણવા ચોક, રાજકોટ, ફોન નં. ૨૨૩૪૭૧૪ અથવા મંત્રીશ્રીઓ શ્રી પ્રકાશભાઈ એન. સૂચક (મો. ૯૯૨૫૨૦૬૩૫૩) અને શ્રી પરેશભાઈ જે. તન્ના (મો. ૯૮૨૪૦૧૦૭૮૮) પર સંપર્ક કરવો.

**અમદાવાદ**

સંત શિરોમણી પરમ પૂજ્ય વંદનીય શ્રી જલારામબાપાની ૧૩૭ મી પુણ્યતિથિ મહાવદ-૧૦ ને શનિવાર તા. ૧૦-૨-૨૦૧૮ના રોજ સાંજે ૫.૩૦ કલાકે એ.ઈ.સી. ગ્રાઉન્ડ, બોડકદેવ અમદાવાદ ખાતે ઉજવાઈ જેમાં પૂજ્ય જલારામ બાપાની મહાસંધ્યા આરતી તથા સુપ્રસિદ્ધ ભજનીક શ્રી અશોક ભાયાણીના સથવારે ભક્તિ સંગીત સંધ્યા યોજાઈ. આ આયોજન માટે શ્રી અરૂણભાઈ ઠક્કર તથા શીતલવર્ષા પરિવારને ખૂબ ખૂબ અભિનંદન.

# સરાહનીય.. થેલેસેમિયા નાબૂદી અભિયાન
# શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટ





લોહાણા તથા અન્ય જ્ઞાતિઓમાં પણ થેલેસેમિયા મેજર નામની બીમારી વ્યાપક છે ત્યારે આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ અને અન્ય સંસ્થાઓ થેલેસેમિયા મેજર નામની મહાભયાનક બીમારીને જડમૂળથી જાકારો આપવા કમર કસી રહી છે ત્યારે અમદાવાદમાં શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટ અંતર્ગત "થેલેસેમિયા ડે કેર સેન્ટર" શ્રી યોગેશભાઈ લાખાણીના માર્ગદર્શનમાં ૧ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ કાર્યરત થયેલ છે. સિવિલ હોસ્પિટલ, અસારવા ખાતે ખૂબ જ મોકાની ગણાય એવી બંધ પડેલ મ્યુનિસિપલ જહાંગીરપુરાની શાળાનું બિલ્ડિંગ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ પવિત્ર પ્રવૃત્તિ માટે નજીવા ટોકન ભાડે વપરાશ હેતુ મળેલ છે. આ સેન્ટરને યથાયોગ્ય રીતે સમારકામ કરાવી જરૂરી સવલતો સાથે કાર્યરત કરવામાં આવેલ છે. સિવિલ હોસ્પિટલ ખાતે ગુજરાતભરમાંથી બ્લડ ટ્રાન્સફ્યુઝન માટે આવતા પરિવારોને તમામ જરૂરી સવલતો અને ગુણવત્તાસભર જીવન માટે માધ્યમ અને સહાય પૂરી પાડવા માટે શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, દાતાશ્રીઓ, ડૉક્ટરો તથા શુભેચ્છકો તન, મન અને ધનથી સહકાર આપવા જોડાઈ રહ્યા છે. દર મંગળવારે તથા ગુરુવારે અમદાવાદ આવતા આવા દર્દી અને તેની સાથે આવેલ વાલીને દિવસ દરમ્યાન સમય પસાર કરવા યોગ્ય વાતાવરણ મળી રહે તે માટે યોગ્ય સવલતો અને સંકલન માટે સ્ટાફની પણ નિમણૂંક કરવામાં આવેલ છે. આ પવિત્ર કાર્યમાં એક થેલેસેમિયા બાળકને સમગ્ર વર્ષ દરમ્યાન જ્યારે જ્યારે ડે કેર સેન્ટરમાં આવે ત્યારે તેને સમગ્ર સવલત આપવાનો અંદાજિત ખર્ચ ૨૦,૦૦૦/- જેટલો થવા જાય છે. ત્યારે સમાજના સંનિષ્ઠ દાતાશ્રીઓને પણ આ રીતે એક કે તેથી વધુ થેલેસેમિયા મેજર બાળકને એક કે તેથી વધુ વર્ષ માટે રૂા. ૨૦,૦૦૦/- કે તેના ગુણાંકમાં આર્થિક રીતે સહયોગી બની સમગ્ર ટીમનો ઉત્સાહ વધારવા નમ્ર અપીલ કરવામાં આવે છે. આ હેતુ માટે સંસ્થાને અપાતું દાન કરમુક્ત છે. આ માટે વધુ માહિતી માટે શ્રી જીતેન્દ્રભાઈ કારીયા (૯૭૨૨૯૦૦૯૦૦)નો સંપર્ક કરવા વિનંતી.

**થેલેસેમિયા (મેજર) પીડીત બાળકો તથા યુવા ભાઈ-બહેનો તેમજ તેમના માતા-પિતા / વાલી જે સિવિલ હોસ્પિટલ અસારવા, અમદાવાદ ખાતે લોહી ચઢાવવા (Blood Transfusion) માટે આવે છે તેમના માટે નિઃશુલ્ક નીચે મુજબની વ્યવસ્થાઓ ચાલુ કરેલ છે.**

● સવારે ચા-કોફી-દૂધ તથા નાસ્તો ● નાના બાળકો માટે ઘોડિયાઘર ● વખતોવખત નિષ્ણાત ડૉક્ટર્સ દ્વારા મેડિકલ ચેક-અપ ● બાળકો / યુવાનોનાં અભ્યાસ માટેનું માર્ગદર્શન ● અભ્યાસ પૂર્ણ કરી ચુકેલા યુવા ભાઈ-બહેનોને કારકિર્દી માટેનું માર્ગદર્શન તથા નોકરી-ધંધા માટે યથાયોગ્ય મદદ ● બાળક / યુવા તથા તેમની સાથેના વાલીનું ભોજન ● મોટા બાળકો માટે રમતગમત તથા આનંદપ્રમોદનાં સાધનો / વ્યવસ્થા ● બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશન માટેનું કાઉન્સેલિંગ / માર્ગદર્શન ● થેલેસેમિયાની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાંથી પૂરી પડાતી દવાઓ સિવાયની દવાઓ ● સમયાંતરે બાળકો / યુવાનો માટે શૈક્ષણિક / સાંસ્કૃતિક તેમજ અન્ય પ્રોત્સાહક કાર્યક્રમો

ભાવિ આયોજનો : દરેક બાળક / યુવાનો માટે ચોક્કસ રક્તદાતાઓ દ્વારા સમયાંતરે સ્વૈચ્છિક રક્તદાન ● તમામ જરૂરી નિઃશુલ્ક મેડિકલ ટેસ્ટ ● ગુજરાત રાજ્યનાં તમામ થેલેસેમિયા મેજર બાળકો માટે એક્ટિવીટી સેન્ટર ● ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક તેમજ શક્ય મદદ ● ઉચ્ચ ગુણવત્તાસભર જીવન માટે જરૂરી તમામ શક્ય પગલાં

આપના થેલેસેમિયા (મેજર) પીડીત બાળક / યુવાનોની નોંધણી કરાવવા નીચેના સરનામે "થેલેસેમિયા ડે કેર સેન્ટર"ની અવશ્ય મુલાકાત લેશો.

**"થેલેસેમિયા ડે કેર સેન્ટર" : જહાંગીરપુરા શાળા, કિંજલ ડાઈનીંગ હોલ પાસે,**
**સિવિલ હૉસ્પિટલનાં કિડની ટ્રાન્સપ્લાન્ટેશન સેન્ટર સામે, અસારવા, અમદાવાદ.**
**ફોન નં. ૯૭૨૨૧૧૧૨૨૨, ૯૭૨૨૧૧૧૪૪૪ Email : jalaram11222@gmail.com**

**સમય : દર મંગળવાર તથા ગુરૂવાર ● સવારે : ૮.૦૦ થી બપોરે ૪.૦૦ વાગ્યા સુધી**

નોંધ : થેલેસેમિયા બાળકને દત્તક લેવા તથા અન્ય રીતે મદદરૂપ થવા આપ દ્વારા મળેલ દાન કરમુક્ત છે.

**RNI NO. : GUJ/GUJ/2011/44815**

'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st February-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th January 2018




**Inclusions :**

- અમદાવાદ થી અમદાવાદ ફ્લાઈટની ટીકિટ (એરપોર્ટ ટેક્ષ સાથે)
- એરપોર્ટ થી હોટલ અને હોટલ થી એરપોર્ટ આવવા-જવાની વ્યવસ્થા
- 5 રાત્રી અને 6 દિવસ 3* હોટલ/હોટલ એપાર્ટમેન્ટમાં રોકાણની વ્યવસ્થા
- દુબઈ સીટી ટુર - આખો દિવસ (નીચેના સ્થળની મુલાકાત લઈશુ.)
  - દુબઈ મ્યુઝીયમની મુલાકાત ટિકીટ સાથે
  - પરંપરાગત ચાલતી આવતી દુબઈની "આબ્રા રાઈડ", ઉપરાંત "ગોલ્ડ સુક" અને "સ્પાઈસ માર્કેટ" ની મુલાકાત
  - "જુમેરાહ બીચ" તથા "બુર્જ-અલ-અરબ-7* હોટલ" ની મુલાકાત (બહારથી)
  - પામ આઈલેન્ડ પરની પામ એટલાન્ટીસ હોટલ (5*) ની મુલાકાત (બહારથી)
  - શેખ ઝાયદ રોડ
  - દુબઈ નું સૌથી ઊંચુ ટાવર "બુર્જ ખલીફા" ની 124 માળની મુલાકાત એન્ટ્રી ટિકીટ સાથે
  - દુબઈ મોલ અને ફાઉન્ટેન શોની મુલાકાત
- અબુધાબી સીટી ટુર (નીચેના સ્થળની મુલાકાત લઈશું.)
  - "ગ્રાન્ડ મસ્જીદ" અને "હેરીટેજ વીલેજ" ની મુલાકાત
  - એમીરેટ્સ / શેખ પેલેસની બહારથી મુલાકાત
  - ખજુર બજાર
- ડેઝર્ટ સફારીની સાથે ડ્યુન બેશીંગ, લેન્ડ ક્રુઝર કારમાં, કેમલ રાઈડ, હીના પેઈન્ટીંગ, શીશા હુક્કા બેલી ડાન્સ, તનુરા શો ની સાથે બાર્બીક્યુ ડીનર
- ધોઉ ક્રુઝમાં રાતનું ભોજન હોટલ ટ્રાન્સફર સાથે
- 5 સવારના નાસ્તા અને 5 રાત્રીના ભોજન
- વીઝા તથા ઓ.ટી.બી. ખર્ચ, હોટલ ટેક્ષ તથા ટુરીઝમ દીરહામ ફી
- 1 કલાક ની લિમોઝીન રાઈડ

**5 Nights 6 days**
With Airfare
~~Rs. 55,500/-~~ Per Person

**45,500/-** Per Person

પેકેજ બુકિંગ એમાઉન્ટ
Rs. 20,000/- Per Person

5 % GST Extra

વહેલા તે પહેલા ના ધોરણે સભ્યો લેવામા આવશે..!!!

For Booking
Pls. Contact
+91 75750 04915
91 90999 05760

Bhavan Kotak +91 98252 33327

## 2018 Summer Packages Also Available

| | | |
|---|---|---|
| **Dubai 48,000/-** Per Person — Ex. Ahmedabad — 5 NIGHTS / 6 DAYS | **Thailand 33,500/-** Per Person — Ex. Ahmedabad — 5 NIGHTS / 6 DAYS | **Europe 1,45,500/-** Per Person — 11 NIGHTS / 12 DAYS |
| **Singapore & Malaysia 55,470/-** Per Person — 6 NIGHTS / 7 DAYS | **Singapore With Cruise 70,900/-** Per Person — 6 NIGHTS / 7 DAYS | **Bali 35,000/-** Per Person — 4 NIGHTS / 5 DAYS |

**Himachal | Uttrakhand | Kerala | South India | Goa**
Packages Also Available

331-334,3rd Floor,Iscon Arcade,Opp. Pariseema Complex,C.G. Road,Ahmedabad-380009
Ph. +91 79 26463010/11/12 Email :- info@worldtradetours.com Web :- www.worldtradetours.com

**If Undelivered return to:**
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380054 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)